સુવિચાર
''જેમ બધાં જ રસ્તાઓમાં તકલીફ હોવાની, એમ બધી જ તકલીફોનાં રસ્તા પણ હોવાના જ.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૭/૦૪/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ ચૈત્ર વદ-અમાસ વર્ષ : ૧૭ અંક : ૧૦૫

## બ્રહ્મ સ્વરોત્સવ, છપ્પનભોગ દર્શન, શોભાયાત્રા, મહાઆરતી સાથે

# અમરેલી ખાતે ભગવાન શ્રી પરશુરામ પ્રાગટય મહોત્સવ ઉજવાશે

**પ્રાગટય ઉત્સવની પૂર્વ સંધ્યાએ રાત્રિનાં ૮ કલાકે શ્રી પરશુરામધામ ખાતે બ્રહ્મ સ્વરોત્સવ યોજાશે**

**આગામી રવિવાર ૧૯ એપ્રિલનાં રોજ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરાયુ**

**રવિવારે બપોરે ૧૨ કલાકથી સાંજનાં મહા આરતી સુધી ભવ્ય છપ્પનભોગ દર્શન યોજાશે**

**સાંજનાં ૫ કલાકે નાગનાથ મહાદેવ મંદિરથી ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થશે : તડામાર તૈયારીઓ**








અમરેલી, તા. ૧૬
ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર શિવત્વસમ, પરમ પરાક્રમી, માનહિતકાજ સતત સંઘર્ષ રત, શકિતપુંજ, તેજસ્વી, ઓજસ્વી ભગવાન શ્રી પરશુરામજીનો પ્રાગટય ઉતસવ ભવ્ય અને દિવ્ય રીતે તા. ૧૯/૪/૨૦૨૬ રવિવાર અક્ષય તૃતીયાના શુભ દિવસે ઉજવવાનો શિવ સંકલ્પ કર્યો છે. ભગવાન શ્રી પરશુરામજીના પ્રાગટય ઉતસવની પૂર્વ સંઉયાએ તા. ૧૮/૪/૨૦૨૬નાં રોજ રાત્રિનાં આઠ કલાકે શ્રી પરશુરામધામ અમરેલી ખાતે બ્રહ્મ સ્વરોતસવના ઉપક્રમે લોકગાયક વિમલ મહેતા અને યુવા ગાયક પ્રયાગ મહેતા ધ્વારા ભગવાન શિવજીની આરાધના કરાશે. તેમજ શાસ્ત્ર અને શસ્ત્ર ધ્વારા સમાજને ધર્મ, શિક્ષા અને સંસ્કાર આપનારો અને રાષ્ટ્રને દિશા દર્શન કરનારો આપણો હિંદુ સમાજ સાંપ્રત સમયની જરૂરિયાત મુજબ જાગૃત બને અને વિશ્વગુરૂ સ્થાને આપણું રાષ્ટ્ર બિરાજમાન થાય તેવા શુભ ભાવથી શ્રી પરશુરામજી મંદિરે બપોરનાં ૧૨ વાગ્યાથી છપ્પનભોગનાં દર્શનનો પ્રારંભ થશે અને ભગવાન શ્રી પરશુરામજીની અલૌકિક શોભાયાત્રા તા. ૧૯/૪/૨૦૨૬ રવિવારના રોજ સાંજના પાંચ કલાકે અમરેલીના ગ્રામ દેવતા નાગનાથ મંદિરથી પ્રારંભ થઈ શ્રી પરશુરામ મંદિરે જશે. આ શોભાયાત્રામાં ભગવાન શ્રી પરશુરામજીના અવતાર અંશ એવા સૌ ભૂદેવો સહિત અમરેલીની સર્વ સનાતની હિંદુ પ્રેમી જનતા સહિયારી શોભાયાત્રા રચશે. શોભાયાત્રાના

અનુસંધાન પાના ૬ ઉપર










## એક યુવકે ગળાફાંસો ખાધો અન્યનું પાણીમાં ડુબી જવાથી મોત

# અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૨ યુવકોનાં અપમૃત્યુ થતાં અરેરાટી

**સરકારી પીપળવા અને મીઠાપુર (નક્કી) ગામનો બનાવ**

અમરેલી, તા. ૧૬
અમરેલી જિલ્લાનાં લાઠી તથા બગસરા પંથકમાં અલગ અલગ બે બનાવમાં બે યુવકોના અપમૃત્યુ પોલીસ ચોપડે નોંધાતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે રહેતાં રાહુલ કાનાભાઈ આલ નામનાં ૨૨ વર્ષીય યુવકે કોઈ અગમ્ય કારણોસર તા. ૧૫ ના બપોરના આશરે એકાદ

અનુસંધાન પાના ૬ ઉપર

## માર્કેટયાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાનુ નિવેદન

# અમરેલીમાં વિકાસના કામો મંજુર થયેલ એ કામો કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં બતાવ્યા

**કોંગ્રેસ પક્ષ મતદારોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે**

અમરેલી, તા. ૧૬
અમરેલી નગરપાલીકાની આવનારી ચુંટણીને અનુલક્ષીને કોંગ્રેસ પક્ષ દ્વારા અમરેલી શહેરનાં વિકાસ કામોનો ઢંઢેરો બતાવવામાં આવ્યો છે જે જોઈને અમરેલીની જનતા આશ્ચર્યચકિત થઈ ગયાં છે કે જે કામો ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા અમરેલી શહેરમાં મંજુર થઈ ગયેલ છે અને તે કામોનાં ખાતમહુર્ત પણ થઈ ગયેલાં છે. જેમાં (૧) કામનાથ ડેમથી

અનુસંધાન પાના ૬ ઉપર









### રાત્રિના સમયે કોઈ અજાણ્યા ઈસમોએ

# ચાવંડ જિલ્લા પંચાયતની બેઠકના કોંગ્રેસના ઉમેદવારના બેનર ફાડી નાખવામાં આવ્યા

## સ્થાનિક પી.આઈ.ને અરજી આપી કાર્યવાહી કરવા માંગ

અમરેલી, તા. ૧૬

ચાવંડ જિલ્લા પંચાયતની સીટનાં કોંગ્રેસના ઉમેદવારના પ્રચારલક્ષી બેનર ફાટી નખાતા ઉમેદવારનાં દીકરા કાનજીભઈ ડેરે સ્થાનિક પી.આઈ.ને પત્ર પાઠવીને ધોરણસરની કાર્યવાહી કરવા માંગ કરે છે.

પત્રમાં જણાવેલ છે કે,આગામી સ્થાનિક સ્વરાજની ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે તાલુકા પંચાયતની ચાવંડ ઉપરથી મારા માતા શાંતુબેને ઉમેદવરી નોંધાવેલ હોય, જેથી ગામમાં અલગ – અલગ જગ્યાએ ચુંટણી પ્રચાર માટે બેનરો મારેલ હોય, જે પૈકી ચાવંડ ગામે બજરંગ કોઠી આઈસ્ક્રીમ ખાતે રાત્રીના કોઈ ઈસમે બેનરો ફાડી નાખેલ હોય, તો આ અંગે ધોરણસરની કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

### રઘુવંશી સહિતનાં તમામ સમાજમાં આસ્થાનાં ઘોડાપૂર

# ચલાલાની પાવનધરા ઉપર રવિવારે શંત શિરોમણી પૂ. મુળીમાની પુણ્યતિથિ નિમિત્તે મહોત્સવ યોજાશે

## ભજન, ભકિત અને ભોજનનો ત્રિવેદી સંગમ રચાશે

અમરેલી, તા. ૧૬

''ભકિત એટલે ફકત મસ્તક નમાવવું નહીં, પણ હૃદયથી એ પરમ શકિતને અનુભવવી... અને ચલાલાની આ પવિત્ર ધરા પર આજે પણ પૂજય મુળીમાં સાક્ષાત બિરાજે છે.'' શ્રદ્ધા અને અતૂટ વિાસના આ સૂત્રને સાર્થક કરતા અંશાવતાર પૂજય દાનમહારાજના પરમ શિષ્યા સંત શિરોમણી પૂજય મુળીમાંની પુણ્યતિથિની આગામી તારીખ ૧૯/૦૪/૨૦૨૬ને રવિવારના રોજ ચલાલા ખાતે અત્યંત ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવશે. દાયકાઓથી લાખો ભકતોની મનોકામના પૂર્ણ કરનાર પૂજય મુળીમાંની જગ્યામાં આ અવસરે જલારામ સત્સંગ મંડળ તથા સમસ્ત રઘુવંશી સમાજ દ્વારા ભકિતસભર કાર્યક્રમોનું સુંદર આયોજન કરાયું છે.



ઉજવણીની વિગત અનુસાર, રવિવારે સાંજે ૫:૦૦ થી ૭:૦૦ કલાક દરમિયાન મહિલા મંડળ દ્વારા મધુર સત્સંગ અને ભજન–કીર્તન દ્વારા ભક્તિની સરવાણી વહેશે. ત્યારબાદ સાંજે ૭:૦૦ કલાકે દિવ્ય મહા આરતી યોજાશે, જેમાં આઈસક્રીમના દાતા તરીકે જલારામ પ્રેસવાળા રશ્મિકાંતભાઈ શાંતુભાઈ મકદાણી (સુરત) પોતાની સેવા અર્પણ કરશે. આ ધાર્મિક મહોત્સવને યાદગાર બનાવવા માટે સાંજે ૭:૩૦ કલાકથી સમગ્ર રઘુવંશી પરિવાર માટે ભવ્ય જ્ઞાતિભોજન (મહાપ્રસાદ)નું આયોજન કરવામાં આવ્યું છે.

આ મહાપ્રસાદમાં શ્રીખંડના દાતા તરીકે ચંદુલાલ જીવનલાલ ઉનડકટ (ગોલ્ડન) તથા ઘોળવું અને છાશની સેવા બજરંગ ડેરી ફાર્મવાળા રમુભાઈ ઉનડકટ તરફથી ભાવપૂર્વક રાખવામાં આવી છે. ચલાલાની આ પવિત્ર ભૂમિ પર યોજાનારા આ મંગલમય પ્રસંગે તમામ ભાવિક ભકતજનોને ઉમટી પડવા અને પૂજય મુળીમાંના આશીર્વાદ તેમજ મહાપ્રસાદનો લાભ લેવા જલારામ સત્સંગ મંડળ દ્વારા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ચલાલામાં 'ટાઈમ અનુકૂલ આર્યુવેદ' દ્વારા રવિવારે નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પ યોજાશે

અમરેલી, તા. ૧૬

વર્તમાન સમયની બદલાતી જીવનશૈલી અને ખોરાકને કારણે વધતી જતી સ્વાસ્થ્ય સમસ્યાઓના નિવારણ માટે પ્રાચીન ભારતીય ચિકિત્સા પધ્ધતિ તરફ લોકોનો ઝોક વધ્યો છે. આ હેતુને સાર્થક કરવા ચલાલા ખાતે આગામી તારીખ ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રવિવારના રોજ 'ટાઈમ અનુકૂલ આયુર્વેદ' (ધીરૂભાઈ ચલાલાવાળા) દ્વારા એક ભવ્ય નિઃશુલ્ક આયુર્વેદિક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ચલાલા સ્થિત જૈન મહાજન વાડી ખાતે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત વૈદ્યો દ્વારા વિવિધ જટિલ રોગોનું સચોટ નિદાન કરવામાં આવશે. આ કેમ્પમાં ખાસ કરીને કમર, ઘૂંટણ, સાયટીકા જેવા સાંધાના દુખાવા, ચામડીના રોગો જેમ કે ધાધર, ખરજવું અને સોરિયાસીસ તેમજ પાચનતંત્રને લગતી સમસ્યાઓ જેવી કે ગેસ, એસિડિટી અને કબજિયાતનું આયુર્વેદિક પધ્ધતિથી નિરીક્ષણ કરવામાં આવશે. આ ઉપરાંત આધુનિક યુગના જીવનશૈલી જન્ય રોગો જેવા કે ડાયાબિટીસ, બીપી, કોલેસ્ટ્રોલ, અને વજન વધવા જેવી તકલીફો માટે પણ માર્ગદર્શન આપવામાં આવશે.

કેમ્પની વિશેષતા અંગે વિગતો આપતા આયોજકોએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં દર્દીઓને નિઃશુલ્ક તપાસની સાથે સાથે ખૂબ જ રાહત દરે આર્યુવેદિક દવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. માત્ર રોગનું નિદાન જ નહીં, પરંતુ રોગને જડમૂળથી દૂર કરવા માટે જરૂરી આહાર–વિહાર અને જીવનશૈલી અંગેનું પણ વિશેષ માર્ગદર્શન્ન પુરૂ પાડવામાં આવશે.

આ કેમ્પનો સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ અને બપોરે ૧:૦૦ થી ૪:૦૦ વાગ્યા સુધીનો રહેશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે, જે માટે મોબાઈલ નંબર ૯૦૫૪૬ ૭૮૮૧૮ પર સંપર્ક કરવા જણાવાયું છે. 'સ્વાસ્થસ્ય સ્વાસ્થ્ય રક્ષણમ, આતુરસ્ય વિકાર પ્રથમનમ'ના ઉમદા સૂત્ર સાથે યોજાઈ રહેલા આ સેવાકીય યજ્ઞનો લાભ લેવા ચલાલા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# જસવંતગઢ પ્રાથમિક શાળાનાં શિક્ષકે સંસ્કૃત વિષયમાં પી.એચ.ડી. કર્યુ



અમરેલી, તા. ૧૬

ભાવનગરની મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી હેઠળ જસવંતપુર પ્રા. શાળાના શિક્ષક પ્રણવકુમાર પુષ્કરભાઈ રાજયગુરૂએ સંસ્કૃત વિષયમાં પીએચ.ડી.નું સંશોધન કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. તેમનો સંશોધન વિષય ''જયોતિષશાસ્ત્રમાં મુહૂર્ત વિચાર–આધુનિક જીવનમાં ઉપયોગિતા'' રહ્યો હતો, જે માર્ગદર્શક પ્રોફે. ડો. પંકજ ઘનશ્યામભાઈ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો છે.

આ સંશોધનમાં જયોતિષશાસ્ત્રના મહત્વપૂર્ણ અંગ મુહૂર્તશાસ્ત્રનું વ્યાપક અને શાસ્ત્રીય અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રબંધમાં જયોતિષશાસ્ત્રના મૂળ તવો, તેના વિભાગો તથા મુહૂર્તની વ્યાખ્યા અને તેના પ્રયોગાત્મક મહત્વને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવ્યું છે. પંચાંગના તત્વો, ગ્રહસ્થિતિ અને ખાસ કરીને ચંદ્રબળના આધારે શુભ સમય નક્કી કરવાની પદ્ધતિઓનું વિગતવાર વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત સંશોધનમાં સંસ્કારો, તીર્થયાત્રા, ગૃહનિર્માણ, દેવપ્રતિષ્ઠા વગેરે માટે યોગ્ય મુહૂર્તના નિયમોનું શાસ્ત્રીય આધાર સાથે વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આધુનિક જીવનની વ્યસ્ત પરિસ્થિતિમાં પણ યોગ્ય સમયચયન દ્વારા કાર્યસફળતા પ્રાપ્ત કરી શકાય છે તે મુદ્દાને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

પ્રબંધનો મુખ્ય નિષ્કર્ષ એ છે કે મુહૂર્તશાસ્ત્ર માત્ર પરંપરાગત માન્યતા નથી, પરંતુ તે ''કાલવિજ્ઞાન'' તરીકે આધુનિક જીવનમાં સમયપ્રબંધન અને સફળતા માટે ઉપયોગી સાધન છે.


આ મહત્વપૂર્ણ સંશોધન કાર્ય માટે સંશોધકને એમ.કે. ભાવનગર યુનિવર્સિટીનામાં કુલપતિ રામાનુજ, રજીસ્ટાર ડો.ભાવેશભાઈ, બાહ્ય માર્ગદર્શક તરીકે ઉપસ્થિત કે.એસ.કે. કચ્છ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગાધ્યક્ષ ડો. કશ્યપભાઈ, એમ.કે.બી.યુ. સંસ્કૃત વિભાગના અધ્યક્ષા ડો. મીતાબેન વ્યાસ, ડો. જે.બી. ગોહિલ, ડો. એ.આર. નાયક, ડો. જાગૃતીબેન તથા ઉપસ્થિત સૌએ આ ઉત્તમ સંશોધન કાર્ય કરવા બદલ અભિનંદન સાથે ભાવિ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરો એવી શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રણવભાઈ રાજયગુરૂનો સંપૂર્ણ થીસીસ સંસ્કૃત ભાષામાં હતો.સંપૂર્ણ વકવ્ય પણ સંસ્કૃત ભાષામાં જ આપેલ.

પ્રણવભાઈ રાજયગુરૂ રાજયના એકમાત્ર પ્રાથમિક શિક્ષક છે જે સંસ્કૃત પાઠશાળાના પાઠ્ય પુસ્તકમાં કન્વીનર/લેખક તરીકે કાર્ય કરી રહ્યા છે. તેઓ ૨૪ વર્ષથી જયોતિષક્ષેત્રે કાર્ય કરી રહ્યા છે.

સંસ્કૃત ભારતીના પ્રાંત સહમંત્રી તરીકેનું દાયિત્વ નિભાવીને ૨૨ વર્ષોથી કાર્યકર્તા તરીકે સંસ્કૃત સંભાષણ અને પ્રશિક્ષણના જુદા જુદા વર્ગો ચલાવીને સંસ્કૃતમાં દરેક બોલતા થાય તેમાટે કાર્ય કરી રહ્યા છે. આપ પણ સંસ્કૃત બોલતા શીખવા માગતા હો તો સંસ્કૃત ભારતીના વર્ગોમાં જોડાઈ શકો છો. તેવું પ્રણવભાઈ રાજયગુરૂએ જણાવ્યું છે.

# ભૂરખિયા હનુમાન મંદિરે નિઃશુલ્ક નેત્રયજ્ઞ યોજાયો



દામનગર, તા. ૧૬

લાઠી તાલુકાનાં ભૂરખીયા ગામમાં આવેલ સ્વયં પ્રગટ શ્રી હનુમાનજી દાદાના મંદિરે તા.૧૬/૪/૨૬ને બુધવારે રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈનાં આર્થિક સહયોગથી લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા હનુમાનજી મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ આ કેમ્પમાં ૧૦૦ દર્દીઓની આંખની તપાસ કરાઈ હતી, જે પૈકી ૪૪ દર્દીઓને મોતિયોના ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ છે. સુદર્શન નેત્રાલય અમરેલીના ડો. સહિત સ્ટાફે સેવા આપતા તેઓનો મંદિર ટ્રસ્ટ તરફથી આભાર માનવામાં આવેલ.

# જનસુરક્ષા રામભરોસે જોવા મળી



જિલ્લાનાં મુખ્ય મથક અમરેલી શહેરમાં ચિતલ રોડ પર દરરોજ ગાયોનાં ટોળા ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર હંમેશા જોવા મળે છે. અવારનવાર નાના–મોટા અકસ્માતો થઈ રહ્યા છે. એક તરફ માર્ગનું કામ શરૂ હોય માર્ગ વન–વે હોય અને તેમાં માર્ગની વચ્ચે ગાયોનાં ટોળા જોવા મળી રહ્યા છે.

### નવી શરૂ થયેલ પાર્ટીમાં પણ નારાજગી

# જિલ્લા પંચાયતની સીટનાં ''આપ''નાં પ્રભારીએ પક્ષમાંથી રાજીનામુ ધરી દીધુ

## ''આપ'' મુળ વિચારધારાથી વિપરિત કામગીરી કરતી હોવાનો આક્ષેપ

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લા પંચાયતની સીટનાં ''આપ''નાં પ્રભારી દિલીપ માંગરોળીયાએ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીને રાજીનામુ આપી દીધેલ છે.

રાજજીનામાનાં પત્રમાં જણાવેલ છે કે, છેલ્લા ૯ વર્ષથી પાયાના જુના કાર્યકર કિશોરકાકાના હસ્તે આમ આદમી પાર્ટીમાં જોડાયેલ હતો. અને પાર્ટીએ જે કામગીરી આપેલ હતી તે મારી કાર્ય કુશળતા પ્રમાણે કરેલ હતી.

હવે પાર્ટી પોતાની મુળ વિચારધારાથી વિપરીત કામગીરી કરી રહે છે. તેથી અમો વ્યથિત છીએ માટે હું આમ આદમી પાર્ટીમાંથી જિલ્લા પંચાયતની સીટ પ્રભારી તરીકેની જવાબદારીમાંથી રાજીનામું આપું છે. તેમ અંતમાં જણાવેલ છે.

### જિલ્લામાં હેલ્પલાઈન નંબર જાહેર કરાયા

# અમરેલી જિલ્લામાં અખાત્રીજનાં લગન મુહૂર્તે થતા બાળલગ્નો અટકાવવા જરૂરી

## જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ નંબર જાહેર કર્યો

અમરેલી, તા. ૧૬

આગામી તા.૧૯/૪/૨૬ના રોજ અક્ષય તૃતીયા (અખાત્રીજ)નુ શ્રેષ્ઠ મુહૂર્ત હોય. રાજયભરમાં અનેક લગ્ન પ્રસંગો યોજનાર છે. આ પવિત્ર અવસરે કયાંય પણ બાળલગ્ન જેવું સામાજિક દુષણ ન સર્જાય તે હેતુથી અમરેલી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા જરૂરી તકેદારીના પગલા લેવા બાળલગ્ન અટકાવવા અને નાગરીકોમાં જાગૃતિ લાવવા માટે હેલ્પલાઈન નંબર જાહેર કરી લોકસહયોગની અપીલ કરવામાં આવી છે.

બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ–૨૦૦૬ મુજબ, દીકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા અને દીકરાના લગ્ન – ૨૧ વર્ષ પહેલા કરવા એ અપરાધ છે. બાળલગ્નને કારણે બાળ કોના માનસિક અને શારીરિક આરોગ્ય પર વિપરીત અસરો પડે છે. જે તેમના ભવિષ્યને રૂંધે છે. આ કાયદા હેઠળ જોગવાઈ છે કે, બાળલગ્ન કરાવનાર કે તેમાં સહભાગી થનાર વ્યકિતને ૨ વર્ષ સુધીની સખત કેદ અને રૂ.૧ લાખ સુધીના દંડની શિક્ષા થઈ શકે છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સમુહલગ્નના આયોજકો સામાજિક આગેવાનો, ગોર મહારાજ, રસોઈયા, મંડપ ડેકોરેશનના માલિકો અને ફોટાગ્રાફર્સને ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે. કે તેઓ વર–કન્યાના ઉંમરના પુરાવાની ખાતરી કર્યા બાદ જ લગ્ન વિધિ સંપન્ન કરે.

જો આપની આસપાસ કયાંય પણ બાળલગ્ન થતા હોવાની માહિતી મળે, તો જાગૃત નાગરિક તરીકે નીચે દર્શાવેલ નંબર પર તાત્કાલિક જાણ કરવા અપીલ કરાઈ છે.

આગામી અખાત્રીજના દિવસે અમરેલી જિલ્લો બાળલગ્ન મુકત રહે અને બાળકોનું બાળપણ સુરક્ષિત રહે તે માટે તમામ નાગરિકોને સક્રિય ભૂમિકા ભજવવા તથા સમુહ લગ્નના આયોજકો, ગોર મહારાજ અને મંડપ ડેકોરેટર્સ સહિતના તમામ હિતધારકોને બાળલગ્ન ન યોજવા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

શ્રી ગણેશ
3D/4D સોનોગ્રાફી & એક્સરે કિલનિક
ડો. ભરત બી. પાડા MBBS, DMRE
Consultant Radiologist & Sonologist
બી.એમ. ચોક, માણેકપરા, મેઈન રોડ, લીલીયા રોડ, અમરેલી

# સાવરકુંડલા : માર્કેટીંગ યાર્ડમાં એ.આર.ટી.ઓ. દ્વારા ૮૦ જેટલા એગ્રીકલ્ચર વાહનોમાં રેડીયમ રીફલેક્ટર લગાડવામાં આવ્યા



પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી દ્વારાતારીખ ૧૬/૪/૨૦૨૬ ગુરૂવારના રોજ સાવરકુંડલા માર્કેટીંગ યાર્ડ ખાતે આવેલા ૮૦ જેટલા ટ્રેકટર, સનેડાને રેડીયમ રીફલેકટર વિનામૂલ્યે લગાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગામડાંઓના રોડ રસ્તા પર સ્ટ્રીટ લાઈટ ન હોય રાત્રે પસાર થતા ટ્રેકટર, ટ્રોલી, છકડા જેવા વાહનોમાં પણ સાઈડ લાઈટ, પાર્કીંગ લાઈટ હોતી નથી. રેડીયમ રીફલેકટર વાહનોમાં લાઈટની માફક કાર્ય કરે છે, એગ્રીકલ્ચર વાહનો જેમાં લાઈટ હોતી નથી તે વાહનોમાં રેડિયમ રાત્રે રસ્તાઓ પર જયારે વાહન ચાલતું હોય અને રસ્તા પર લાઈટ ના હોય અને વાહનમાં પણ લાઈટ ના હોય અકસ્માતનો ભય રહે છે જેથી રેડિયમ રિફલેકટર લાઈટ તરીકે કાર્ય કરશે અને દૂરથી વાહન દેખાશે વિઝિબિલીટીમાં વધારો થતા માર્ગ અકસ્માતો ઘટશે. એગ્રીકલ્ચર વાહનોમાં રેડીયમ રીફલેકટર લગાવેલા હોય તો માર્ગ અકસ્માતમાં ઘટાડો થઈ શકે. રેડીયમ રીફલેકટર લગાવવાની કામગીરી અમરેલી જિલ્લાના તમામ તાલુકાના એપીએમસી ખાતે રેડીયમ રીફલેકટર લગાવવાનાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે અમરેલી પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી (ઈન્ચાર્જ)એ એક યાદીમાં જણાવ્યું છે.

### એસ.પી.નાં માર્ગદર્શનતળે ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# ટીંબીમાં આઈ.પી.એલ.ની ક્રિકેટ મેચ ઉપર સટ્ટાનો જુગાર રમાડતા ઈસમની અટકાયત

## આરોપી પાસેથી ૨૮,૫૦૦નો મુદ્દામાલ કબ્જે લેવાયો

અમરેલી, તા. ૧૬

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે ગત તા. ૧૫ નાં બાતમી હકિકત આધારે નાગેશ્રીના ટીંબી ગામેથી આઈ.પી.એલ.ની લખનઉ સુપર જાયન્ટસ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની વચ્ચેની લાઈવ ક્રિકેટ મેચ ઉપર એન્ડ્રોઈડ મોબાઈલ ફોનમાં CREX એપ્લીકેશન મારફતે ક્રિકેટ મેચનો સ્કોર જાણી, ઓનલાઈન ફોનમાં વાત કરી, કાગળમાં નામ સામે



આંકડાઓ લખી, પૈસા વડે ''ક્રિકેટનો સટ્ટો'' રમી/રમાડતા જાફરાબાદ તાલુકાના ટીંબી ગામે રહેતાં અશરફ ઉર્ફે આદમ બમાણી નામના ઈસમને રોકડા રૂપિયા ૧૭,૫૦૦, મોબાઈલ ફોન ૨ કિંમત રૂપિયા ૧૧,૦૦૦ તથા ક્રિકેટ ટીમના નામો/આંકડાઓ લખેલ ચિઠ્ઠીઓ મળી કુલ રૂપિયા ૨૮,૫૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી, સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ જુગાર ધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ નાગેશ્રી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

# ચાવંડ સીટ પર રાજકીય ગરમાવો : જેનીબેન ઠુંમરનું ટ્વીટ તોડફોડના આક્ષેપો



અમરેલી, તા. ૧૬

ચાવંડ સીટ પર રાજકીય માહોલ દિવસેને દિવસે ગરમાતો જઈ રહ્યો છે. જેનીબેન ઠુંમરે કરેલા ટ્વીટ દ્વારા ભાજપ અને કોંગ્રેસ વચ્ચેનો તણાવ વધુ તેજ બન્યો છે. ટ્વીટમાં તેમણે આક્ષેપ કર્યો કે લોકપ્રિય કલાકાર માયાભાઈ આહિરની દીકરી જે ભાજપમાંથી ઉમેદવાર તરીકે મેદાનમાં છે તેમની ચૂંટણીને લઈને કોંગ્રેસ પક્ષના ઉમેદવાર વડીલ શાંતુબેન ડેરના કાર્યાલયના ઉદ્ઘાટન પહેલા જ તોડફોડ કરવામાં આવી અને પોસ્ટરો ફાડી નાખવામાં આવ્યા.

જેનીબેન ઠુંમરે આ ઘટનાને અત્યંત નિંદનીય ગણાવી છે અને જણાવ્યું છે કે કોંગ્રેસની ઉમેદવારી ખેંચવા માટે અનેક પ્રયાસો થયા છતાં સફળતા મળી નહોતી ત્યારબાદ આ પ્રકારની ઘટના સામે આવી છે. તેમણે માયાભાઈ આહિરને સંબોધતા લખ્યું કે આપ ભારતીય સંસ્કૃતિને વિમાં ઉજાગર કરો છો, પરંતુ આવી ઘટનાઓ આપના પરિવાર અને વેવાઈ વચ્ચે કથની અને કરણીમાં મોટો તફાવત દર્શાવે છે.

આ ઘટનાને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ચર્ચા ચાલી રહી છે અને બંને પક્ષો વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર શરૂ થયો છે. હવે આ મામલે આગળ શું કાર્યવાહી થાય છે અને સત્તાવાર રીતે શું નિવેદન આવે છે તે જોવું રહ્યું.


આપના શેરને લગતી મુંજવણોનું સચોટ સોલ્યુશન
IEPF માં ગયેલા શેર હવે પાછા મેળવો !
IEPF માં ટ્રાન્સફર થયેલા તમારા શેર ખાતરીપૂર્વક પરત મેળવી આપીએ છીએ
■ જુના શેર સર્ટિફિકેટનું ટ્રાન્સફર ■ બાકી રહેલા ડિવિડન્ડ મેળવવાની સેવા ■ શેર વારસાઈ (Transmission) પ્રક્રિયા પૂર્ણ ■ તમામ પ્રકારની શેર સંબંધિત માર્ગદર્શન ■ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ માટે આજે જ સંપર્ક કરો ■ યોગ્ય માર્ગદર્શન સાથે સુરક્ષિત રોકાણ માટે રૂબરૂ મળો
SHYAM WEALTH CREATION
16-17, સિલ્વિયા રોડ, ડ્યમંડ માર્કેટ સામે, અમરેલી વર્ષિલ સાવલિયા 99255 40007 - 99047 42662


# અમરેલી ખાતે સિનિયર સિટીઝન સોસાયટીની બેઠક યોજાઈ





અમરેલી, તા. ૧૬

અમરેલી ખાતે સિનીયર સિટીઝન સોસાયટીની બેઠક સાવિત્રી કલામંદિર રૂપાયતન ખાતે મળેલ હતી. પ્રાર્થના થી શરૂઆત થઈ, બાદ મંત્રીશ્રી સુરેશભાઈ ત્રિવેદીએ તમામ વડીલોને આવકાર આપ્યો. બાદ જન્મદિન-લગ્ન દિનની શુભેચ્છાઓ હેપ્પી બર્થડે અને બહેનાના લગ્નગીતથી આપવામાં આવી. ભોજન સ્પોન્સર્સ રવજીભાઈ કાચા, લીલાબેન ચૌહાણ, ભાવનાબેન સંપટ, ભારતીબેન પંડયા, દિવ્યાનીબેન સેન, રસીલાબેન પરમાર વિગેરેનું પુષ્પગુચ્છથી સન્માન કરવામાં આવ્યું.

મંડળના વરિષ્ય સભ્ય સરલાબેન ત્રિવેદીએ ધાર્મીક પ્રવચન આપી વડીલોને ભકિત, ભજનમાં સમય કાઢી જીવન સાર્થક કરવા અનુરોધ કર્યો.

રમેશભાઈ વાળાએ પોતાએ સંગ્રહ કરેલ જુના ચલણી સિકકા અને દરેક દેશોના ચલણની નોટોનું પ્રદર્શન રજુ કર્યું. પ્રદર્શનનું ઉદઘાટન તરૂલતાબેન, બિનાબેન, રવજીભાઈ કાચા વિગેરે દ્વારા થયું.

પ્રમુખે જણાવ્યું કે, સિકકાઓ વિગેરેનું સંગ્રહ કરી તેઓએ અદભુત કામગીરી કરેલ છે. તે માટે ધન્યવાદ છે.

નવા આવેલ સભ્યોનો પરિચય અને અને આ આયોજન બદલ સુરેશભાઈ, કિરણભાઈ તથા કનુભાઈ જોષી વિગેરેની મહેનત માટે ધન્યવાદ. આભારવિધી ટોમભાઈએ કરી, કાર્યક્રમનું સફળ સંચાલન બિનાબેન ત્રિવેદીએ કર્યુ હતું.

રાષ્ટ્રગીત બાદ સૌ વડીલોએ ભોજન કર્યુ તેમ કનુભાઈ જોષીની યાદી જણાવેલ છે.

# જનતાના પરસેવાનાં પૈસાની બરબાદી



અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશય નજીક થોડા મહિનાઓ પહેલા જનતાનાં પરસેવાનાં પૈસાથી સિંચાઈ વિભાગ ધ્વારા વીજપોલ ઉભો કરવામાં આવ્યો અને થોડા જ દિવસોમાં વીજપોલ જમીનદોસ્ત થઈ ગયો અને છતાં સિંચાઈ વિભાગનાં અધિકારીઓને વીજપોલને ઉભો કરીને કાર્યરત કરવાની કોઈ જરૂર લાગતી નથી તેવું માનવું રહ્યું.

### રાજુલાનાં વિદ્યાર્થીએ ફરિયાદ નોંધાવી

# ડો. બાબાસાહેબની જન્મજયંતી કાર્યક્રમનાં વિડીયો બાબતે અભદ્ર કોમેન્ટ થતાં ફરિયાદ

## અજાણ્યા આરોપીનાં આઈ.ડી. ધારક વિરૂધ્ધ ફરિયાદ

અમરેલી, તા. ૧૬

ગત તા. ૧૪ના રોજ ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર સાહેબની ૧૩૫ મી જન્મ જયંતી હોય. તે સબબ રાજુલા ગામે ચામુંડા વિડીયો પાસેના જુના વણકર વાસમાં રહેતાં વિવેક પ્રવિણભાઈ બાબરીયા નામનાં ૨૦ વર્ષીય વિદ્યાર્થી યુવક તથા સમાજ દ્વારા રેલીનુ આયોજન કરેલ હોય અને રાજુલા ગામમાં આંબેડકર સર્કલની જગ્યામાં ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર સાહેબની પ્રતીમાં મુકેલ હોય. જે પ્રતીમાંએ સમાજના આગેવાનોએ ફુલહાર કરી જન્મ જયંતી ઉજવેલ હતી અને આ સર્કલે રેલી પહોંચેલ હતી. તે સમયે યુવકે તેમના મોબાઈલ ફોનમાં આ રેલી તેમજ ડો. બાબાસાહેબ આંબેડકર સાહેબની પ્રતીમાંએ આગેવાનોએ ફુલહાર કરી જન્મ જયંતી ઉજવેલ તે અંગેનો ૩૪ સેકન્ડનો વિડીયો પોતાના મોબાઈલમાં ઉતારેલ હતો. જે બાદ રાત્રીના ૯:૩૨ વાગ્યે યુવકે મોબાઈલ ફોનમાં ઉતારેલ વિડીયો પોતાના ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. "વિવેક ૨૬" માં રીલ્સ તરીકે અપલોડ કરેલ હોય. જેમાં કોઈ અજાણ્યા આરોપી koli_vinay_8932 નામના આઈ.ડીઉના ધારકે ભારતના બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકર વિશે ખરાબ કોમેન્ટ કરેલ હતી. તેમજ ડો. બાબાસાહેબ આંબેડકર વિશે બિભત્સ લખેલ હોય અને આ બીભત્સ ખરાબ કોમેન્ટ કરી અનસુચીત જાતીના ઉચ્ચ આદર ધરાવતા હોય તે વ્યકિતનુ કોમેન્ટથી લખાયેલ શબ્દો દ્વારા અપમાન કર્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241




લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
વેલ્ડીંગ, ફેબ્રીકેશન અને એન્જીનીયરીંગ વર્ક માટે
વેલ્ડર - હેલ્પરની ભરતી
કામના કલાક: સવારે ૮:૪૫ થી બપોરે ૧: ૪૫ બપોરે ૨:૪૫ થી સાંજે ૭:૪૫
વેતન/કલાક: વેલ્ડર વેતન પ્રતી કલાક : રૂા. ૫૦/- હેલ્પર વેતન પ્રતી કલાક : રૂા. ૩૫/- PF કાપવાપાત્ર રહેશે.
ALL FEBRICATION SOLUTIONS
આવતા પહેલા CV રીઝ્યુમ વોટ્સએપ કરી દેવું.
મહાજન ફેબ્રીકેશન
મહારાષ્ટ્રીય સમાજ પાસે, ભાવકા ભવાની મંદિર પાસે, ચિત્તલ રોડ, અમરેલી.
95 86 86 0123

શું તમે હરસ, મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો, સહન ન કરો, સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
● હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
● જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
● રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
● ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
● નાસુર Pilo nidal sinus ની સારવાર
● ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
● પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
● મૂત્રમાર્ગ તથા પિતાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
● નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
● બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
● વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
● જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
● પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363












### વડાપ્રધાન મોદીએ સંસદમાં નેતાઓને આપી ચેતવણી

# જે વિરોધ કરશે, તેને લાંબા સમય સુધી કિંમત ચૂકવવી પડશે

## નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આપણે ઇતિહાસ રચવા જઈ રહ્યા છીએ, દેશને એક નવી દિશા મળશે : દેશની અડધી વસ્તી રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપશે

નવી દિલ્હી, તા.૧૬

સંસદનું ત્રણ દિવસીય વિશેષ સત્ર આજે ગુરુવારથી શરૂ થયું છે. જેમાં આજે પહેલા દિવસે ત્રણ બિલ રજૂ પેશ થતાં જ ભારે હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસે બિલ રજૂ થતાં જ કહ્યું હતું કે, સરકાર સંવિધાનને હાઈજેક કરવા માંગે છે. જ્યારે સમાજવાદી પાર્ટીના સાંસદ ધર્મેન્દ્ર યાદવે કહ્યું હતું કે, જ્યાં સુધી મુસ્લિમ મહિલાઓને આરક્ષણ નહીં આપવામાં આવે, ત્યાં સુધી આનો કોઈ અર્થ નથી. આના પર અમિત શાહે કહ્યું હતું કે, મુસ્લિમોને ધર્મના આધારે આરક્ષણ અસંવૈધાનિક છે. અખિલેશ યાદવે કહ્યું કે, આખો દેશ અડધી વસ્તીને આરક્ષણ આપવા માંગે છે. હું જાણવા માંગું છું કે મુસ્લિમ મહિલાઓ માટે શું? આના પર અમિત શાહે જવાબ આપ્યો કે, સમાજવાદી પાર્ટી તેની તમામ ટિકિટ મુસ્લિમ મહિલાને આપી દે, અમને કોઈ જ વાંધો નથી. જે બાદ આ બિલ લોકસભામાં રજૂ કરવા જોઈએ કે નહીં, તેના માટે વોટિંગ કરાવવામાં આવી હતી. જેમાં ૨૦૭ વોટમાં હા લખેલું હતું. એટલે કે બિલ રજૂ કરવાની તરફેણમાં ૨૦૭ વોટ મળ્યા હતા.

આ બાદ બપોરે ૩ વાગ્યે વડાપ્રધાન મોદીએ લોકસભામાં મહિલા આરક્ષણ પર પોતાની વાત મૂકી. લોકસભામાં મહિલા અનામત અને સીમાંકન વિષય પર બોલતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આપણે ઈતિહાસ રચવા જઈ રહ્યા છીએ, દેશને એક નવી દિશા મળશે. દેશની અડધી વસ્તી રાષ્ટ્ર નિર્માણમાં ફાળો આપશે. તેમણે કહ્યું કે, મેં પહેલા પણ કહ્યું છે કે આપણે ભાગ્યશાળી છીએ કે રાષ્ટ્ર નિર્માણ માટે નીતિ નિર્માણ પ્રક્રિયામાં દેશની અડધી વસ્તીને સામેલ કરવાની તક મળી છે. આપણે બધા સાંસદોએ આ તક હાથમાંથી ન જવા દેવી જોઈએ.

પીએમ મોદીએ કહ્યું કે, મને વિશ્વાસ છે કે આ મંથનમાંથી નીકળતું અમૃત માત્ર દેશના રાજકીય પરિદૃશ્યને જ નહીં, પરંતુ દેશની દિશા અને સ્થિતિને પણ આકાર આપશે. તેઓએ કહ્યું કે, ૨૧મી સદીમાં, ભારત નવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. આપણે વિશ્વભરમાં ભારતની સ્વીકૃતિ અનુભવી રહ્યા છીએ. આપણા માટે સમય આવી ગયો છે. આ વિકસિત ભારત સાથે જોડાયેલું છે.

તેમણે કહ્યું કે, મારું માનવું છે કે વિકસિત ભારત ફક્ત રોડ, રેલ કે માળખાગત સુવિધાઓના આંકડાઓ વિશે નથી, પણ દેશની અડધી વસ્તી નીતિનિર્માણમાં ભાગ લે તે વિશે પણ છે. આપણે પહેલાથી જ મોડું થઈ ગયું છે. દરેક વ્યક્તિએ આ સ્વીકારવું જોઈએ. જ્યારે આપણે એકલા મળીએ છીએ, ત્યારે આપણે સંમત થઈએ છીએ કે હા, આ જરૂરી છે. પરંતુ જેઓ ફક્ત રાજકીય દ્રષ્ટિએ વિચારે છે, તેમના માટે હું એક મિત્ર તરીકે એક સલાહ આપવા માંગુ છું, જે મદદરૂપ થશે.

પીએમ મોદીએ કહ્યું કે, આપણા દેશમાં જ્યારે-જ્યારે મહિલા આરક્ષણને લઈને ચર્ચા થઈ અને ત્યારબાદ જ્યારે-જ્યારે ચૂંટણી આવી છે, ત્યારે મહિલાઓને મળતા આ અધિકારોનો જેઓએ વિરોધ કર્યો હતો, મહિલાઓએ તેમને માફ કર્યા નથી. એટલે કે મહિલાના અધિકારોનો વિરોધ કરનારને સૌથી ખરાબ પરિણામ ભોગવવા પડ્યા છે. ૨૦૨૪ની ચૂંટણીમાં આવું બન્યું નહોતું, કારણ કે ત્યારે કોઈએ વિરોધ કર્યો નહોતો અને બિલને સર્વસંમતિથી પસાર કરી દેવામાં આવ્યું હતું. તે સમયે બધા એકસાથે હતા.

તેમણે કહ્યું કે, હું કહું છું કે જો આપણે સાથે મળીને ચાલીએ, તો ઈતિહાસ સાક્ષી છે કે આ ફક્ત એક વ્યક્તિની તરફેણમાં નહીં, પરંતુ દેશના લોકશાહીની તરફેણમાં આવશે. આપણે બધા તેના હકદાર હોઈશું. તેથી જેમને આમાં રાજકારણની ગંધ આવે છે તેમણે પોતાના પર શું પરિણામ આવશે તેનો વિચાર કરવો જોઈએ. આથી કોઈએ આને રાજકીય રંગ આપવાની કોઈ જરૂર નથી. મહિલા અનામતના સંદર્ભમાં સીમાંકનના મુદ્દાને સંબોધતા પીએમ મોદીએ સ્પષ્ટતા કરી કે આ નિર્ણય લેવાની પ્રક્રિયા કોઈની સાથે ભેદભાવ કરશે નહીં, કે હાલના પ્રમાણસર પ્રતિનિધિત્વમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, આપણે એ ભ્રમમાં ન રહેવું જોઈએ કે આપણે કંઈક આપી રહ્યા છીએ, પરંતુ તે તેમનો હક છે, જે વર્ષોથી અટવાયેલો હતો. હવે આ યોગ્ય સમયે છે, તેમને તેમનો હક આપવાનો. આપણે જાણીએ છીએ કે પહેલા આ મામલે કેવી ચાલાકીઓ થઈ. પરંતુ હવે કોઈની હિંમત નથી કે ૩૩ ટકા મહિલા અનામતનો વિરોધ કરી શકે. પીએમ મોદીએ કહ્યું કે, આપણે આ બાબતમાં પહેલાથી જ વિલંબ કરી દીધો છે - તેની પાછળના કારણો ગમે તે હોય, અથવા તેના માટે કોઈ પણ જવાબદાર હોય - અને આપણે આ વાસ્તવિકતા સ્વીકારવી જોઈએ. હું જાણું છું કે જ્યારે આ પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે તમામ રાજકીય પક્ષો સાથે પરામર્શ કરવામાં આવ્યો હતો. ફક્ત એક પક્ષ સિવાય, અમે જે-જે પક્ષોને મળ્યા તેમાંથી કોઈએ પણ સૈદ્ધાંતિક વાંધો ઉઠાવ્યો ન હતો. પછી ભલે ગમે તે બન્યું હોય, હવે અત્યારે રાજકીય માર્ગ અપનાવવામાં આવી રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે મહિલાઓ કહે છે કે: "તમે અમને સફાઈ અને કચરા ઉપાડવા જેવા કામોમાં સામેલ કરો છો, પરંતુ હવે, અમને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરો - અને નિર્ણય લેવાની પ્રક્રિયા વિધાનસભાઓ અને લોકસભામાં થાય છે." તેથી, રાજકીય જીવનમાં પ્રગતિ કરવા માંગતા લોકોએ સ્વીકારવું જોઈએ કે, છેલ્લા ૨૫થી ૩૦ વર્ષોમાં મહિલાઓ પાયાના સ્તરે નેતાઓ તરીકે ઉભરી આવી છે. તેઓ ફક્ત તે સ્તરે જ નહીં પરંતુ અહીં પણ તમારા નિર્ણયોને પ્રભાવિત કરવા માટે તૈયાર છે. આજે જે લોકો આનો વિરોધ કરશે, તેમને લાંબા ગાળે ભારે કિંમત ચૂકવવી પડશે.

### ૩૫૦ અશ્લીલ વીડિયો બનાવી કર્યું બ્લેકમેલિંગ

# અમરાવતી યૌન કેસ : ૧૯ વર્ષના શિકારીએ ૧૮૦ સગીરાને ફસાવી

## બે મિત્રો વચ્ચેના નાણાકીય ઝઘડાએ એમનો પર્દાફાશ કરી નાખ્યો :મામલો પોલીસ સુધી પહોંચતાં આરોપીઓની ધરપકડ

અમરાવતી, તા.૧૬

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં ૧૯ વર્ષના 'અયાન અહેમદ' નામના યુવકે ૧૮૦ સગીર છોકરીઓને પ્રેમના જાળમાં ફસાવી, તેમનું શારીરિક શોષણ કર્યું, તેમના ૩૫૦ જેટલા વીડિયો બનાવ્યા અને પછી તેમને બ્લેકમેલ કરીને વેશ્યાવૃત્તિમાં ધકેલવાનો પ્રયાસ કર્યો. આખરે, બે મિત્રો વચ્ચેના નાણાકીય ઝઘડાએ એમનો પર્દાફાશ કરી નાખ્યો. મામલો પોલીસ સુધી પહોંચતાં આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.આ સમગ્ર કાંડનો પર્દાફાશ થવામાં દોસ્તો વચ્ચેની દુશ્મની કારણરૂપ બની. આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર અયાન અહેમદ અને તેનો સાથી ઉઝેર ખાન હતા. શરૂઆતમાં બંનેએ વધુમાં વધુ છોકરીઓને પટાવવાની શરત લગાવી હતી. આ કામ કરતાં કરતાં તેમણે ૧૮૦ સગીરાઓને વાસનાનો શિકાર બનાવીને એમની મરજી વિરુદ્ધ વીડિયો બનાવ્યા. બાદમાં પૈસાને કારણે બંને મિત્રો વચ્ચે ઝઘડો થયો. ઉઝેરે અયાન પાસે પૈસાની માંગ કરી, પરંતુ જ્યારે અયાન તે પૂરી ન કરી શક્યો, ત્યારે ગુસ્સામાં ઉઝેરે ૧૦૦ જેટલા અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધા. આમ, બંને ગુનેગારો વચ્ચેના અણબનાવે એમની કાળી કરતૂતો ઉઘાડી પાડી દીધી.

અયાન મોટાભાગે કૉલેજમાં ભણતી અથવા કોચિંગ સેન્ટરમાં જતી છોકરીઓને નિશાન બનાવતો. તે ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને સ્નેપચેટ દ્વારા તેમની સાથે દોસ્તી કરતો. મિત્રતા થયા બાદ તે તેમને મોંઘા કાફેટેરિયા અને મોટા શહેરો જેમ કે મુંબઈ અને પૂણે ફરવા લઈ જતો. ત્યાં તે હોટલ રૂમમાં તેમની સાથે દુર્વ્યવહાર કરતો અને તેના વીડિયો રેકોર્ડ કરતો. વીડિયો બનાવ્યા બાદ તે આ ક્લિપ્સનો ઉપયોગ છોકરીઓને બ્લેકમેલ કરવા માટે કરતો. વીડિયો જાહેર કરી દેવાની ધમકી આપીને તે છોકરીઓને વેશ્યાવૃત્તિ માટે પણ દબાણ કરતો.પોલીસે આરોપીનો મોબાઈલ તપાસ્યો ત્યારે જે આંકડા સામે આવ્યા તેણે સમગ્ર મહારાષ્ટ્ર પોલીસ વિભાગને હચમચાવી નાખ્યો.

પીડિત સગીર છોકરીઓની સંખ્યા (અંદાજે) - ૧૮૦. આરોપીએ ફક્ત એક જ વર્ષના ગાળામાં આટલી છોકરીઓને નિશાન બનાવી હોવાનું કહેવાયું છે.

જપ્ત કરાયેલા વીડિયોની સંખ્યા – ૩૫૦. તમામ વીડિયો આરોપી અયાનના મોબાઈલ ફોનમાંથી મળી આવ્યા છે.

વાયરલ કરાયેલા વીડિયોની સંખ્યા – ૧૦૦. ઉઝેરે આટલા વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાવી દીધા હતા.

હાલમાં ઓળખાયેલ પીડિતોની સંખ્યા – ૮. પોલીસે અત્યાર સુધી માત્ર ૮ પીડિતાઓની જ ઓળખ કરી શકી છે, કારણ કે બાકીની સામાજિક તિરસ્કારથી ડરે છે.

આરોપી 'અયાન અહેમદ તનવીર' અમરાવતીના પાર્થવાડા વિસ્તારનો વતની છે. તે અચલપુરની એક કૉલેજમાં બીજા વર્ષમાં ભણતો હતો. તે ચકાચક બાઈક પર ફરતો અને ખૂબ પૈસા ખર્ચતો. તેના પિતા સેકન્ડ-હેન્ડ વાહનોનો વેપાર કરે છે, પરંતુ સ્થાનિકોના મતે આટલી મોટી રોકડ અયાનને સટ્ટાબાજી(બેટિંગ)માંથી મળતી હતી. આ કેસમાં સૌથી મોટો પડકાર એ છે કે પીડિત છોકરીઓ સામે આવીને નિવેદન નથી આપી રહી, કારણ કે તેમને સમાજમાં બદનામ થવાનો અને તિરસ્કારનો ડર છે. અમરાવતીના એસપી વિશાલ આનંદે જાહેર અપીલ કરી છે કે, 'અમે પીડિતા અને તેમના પરિવારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખીશું. અમે મહિલા અધિકારીઓ દ્વારા વિશેષ હેલ્પલાઈન શરૂ કરી છે. તમારે ડરવાની જરૂર નથી, આગળ આવો અને ન્યાય અપાવવામાં મદદ કરો.'

### સુપ્રીમ કોર્ટે અત્યંત મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી

# જો કોઈ વોટ નથી કરતું, તો આપણે તેને મજબૂર કરી શકતા નથી

## વકીલે એવી દલીલ કરી હતી કે જે લોકો મતદાન નથી કરતા, તેમને મળતી સરકારી સુવિધાઓનો લાભ બંધ કરી દેવો જોઈએ

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં ચૂંટણી દરમિયાન મતદાન કરવું એ દરેક નાગરિકની નૈતિક જવાબદારી માનવામાં આવે છે, પરંતુ શું વોટ ન આપવો એ ગુનો છે? આ પ્રશ્ન પર સુપ્રીમ કોર્ટે અત્યંત મહત્વપૂર્ણ સ્પષ્ટતા કરી છે. સુપ્રીમ કોર્ટે તે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો છે જેમાં મતદાન ન કરનારા લોકો વિરુદ્ધ કાર્યવાહી અથવા પ્રતિબંધો લગાવવાની માંગ કરવામાં આવી હતી.ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મામલે સુનાવણી કરતા જણાવ્યું હતું કે, મતદાન કરવું એ મજબૂરી નથી. ભારત એક લોકશાહી દેશ છે જ્યાં છેલ્લા ૭૫ વર્ષોથી લોકોના વિવેક અને વિશ્વાસ પર ભરોસો મૂકવામાં આવ્યો છે. કોર્ટે ઉમેર્યું કે, "જો કોઈ વોટ નથી કરતું, તો આપણે તેને મજબૂર કરી શકતા નથી. શું આપણે એવા લોકોની ધરપકડનો આદેશ આપવો જોઈએ? આ કાયદાના શાસન અને લોકશાહીની વિરુદ્ધ હશે."

અરજદાર અજય ગોયલના વકીલે એવી દલીલ કરી હતી કે જે લોકો મતદાન નથી કરતા, તેમને મળતી સરકારી સુવિધાઓનો લાભ બંધ કરી દેવો જોઈએ. આ સૂચન પર ચીફ જસ્ટિસ સૂર્યકાંતે હળવા અંદાજમાં વળતો જવાબ આપ્યો કે, "આ કામ તમે અમારી તરફથી કરી લો." કોર્ટે સ્પષ્ટ કર્યું કે વોટ ન આપવા પર દંડાત્મક જોગવાઈઓ લાગુ કરવી એ નીતિગત બાબત છે, જે સરકાર અને ધારાસભાના અધિકારક્ષેત્રમાં આવે છે.

ચીફ જસ્ટિસે એક માનવીય પાસાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો કોઈ ગરીબ વ્યક્તિ એમ કહે કે તેણે તે દિવસે પોતાની રોજીરોટી કમાવવાની છે, તો તે વોટ આપવા કેવી રીતે જાય? આવી સ્થિતિમાં આપણે તેને શું જવાબ આપીશું? કોર્ટે આ મામલાને નીતિગત ગણાવીને અરજદારને સંબંધિત સત્તાધિકારી પાસે જવા માટેની છૂટ આપી છે.

### બંગાળ ચૂંટણી પર સુપ્રીમ કોર્ટનો મોટો આદેશ

# મતદાનના ૨ દિવસ પહેલાં નામ ઉમેરાશે તો પણ આપી શકાશે વોટ

## આ માટે સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યો છે

નવી દિલ્હી, તા.૧૬

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે જોરશોરથી પ્રચાર ચાલી રહ્યો છે. એવામાં SIRની પ્રક્રિયામાં જે મતદારોના નામ કપાઈ ગયા છે તે અંગે સુપ્રીમ કોર્ટે મોટો આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે જો કોઈ ટ્રિબ્યુનલ મતદાનના માત્ર બે દિવસ પહેલાં પણ મતદારનું નામ યાદીમાં જોડવાનો આદેશ આપે, તો તે વ્યક્તિને વોટ આપવાનો અધિકાર મળશે. આ માટે સુપ્રીમ કોર્ટે બંધારણની કલમ ૧૪૨ હેઠળ પોતાની વિશેષ સત્તાઓનો ઉપયોગ કર્યો છે.

નોંધનીય છે કે બંગાળમાં SIRમાં લાખો મતદારોના નામ કપાઈ ગયા છે, જે બાદ તે લોકોએ મતદાન યાદીમાં નામ ફરીથી જોડવા માટે ચૂંટણી પંચના ટ્રિબ્યુનલમાં અરજી છે. અરજદારોનું કહેવું છે કે ટ્રિબ્યુનલ નિર્ણય લેવામાં વિલંબ કરશે તો તેઓ વિધાનસભા ચૂંટણીમાં મત આપી શકશે.

નોંધનીય છે કે ચૂંટણી પંચમાં આવી ૩૪ લાખ અરજીઓ પેન્ડિંગ છે, જેમના નામ મતદાર યાદીમાંથી કપાઈ ગયું છે પણ તેઓ ભારતના નાગરિક હોવાનો દાવો કરી રહ્યા છે.

જો ટ્રિબ્યુનલ નામ જોડવા કે હટાવવાનો અંતિમ નિર્ણય મતદાનના બે દિવસ પહેલાં આપી દે, તો ચૂંટણી પંચે તેનો અમલ કરવો પડશે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો છે કે પ્રથમ તબક્કાના મતદાન માટે ૨૧ એપ્રિલ સુધીમાં અને બીજા તબક્કા માટે ૨૭ એપ્રિલ સુધીમાં સપ્લીમેન્ટરી મતદાર યાદી જાહેર કરવી પડશે.

કોર્ટે સ્પષ્ટતા કરી છે કે જો કોઈની અપીલ ટ્રિબ્યુનલમાં માત્ર પેન્ડિંગ હોય, તો તેને વોટ આપવા દેવામાં આવશે નહીં. વોટિંગ માટે ટ્રિબ્યુનલનો ફાઈનલ ઓર્ડર હોવો જરૂરી છે.

પશ્ચિમ બંગાળમાં પ્રથમ તબક્કાનું મતદાન ૨૩ એપ્રિલના રોજ અને બીજા તબક્કાનું મતદાન ૨૯ એપ્રિલના રોજ યોજાવાનું છે.

### પાકિસ્તાનમાં ભારતના વધુ એક દુશ્મન પર હુમલો

# આતંકવાદી આમિર હમઝાને અજાણ્યા હુમલાખોરે મારી ગોળી

ઈસ્લામાબાદ, તા.૧૬

પાકિસ્તાનથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. પાકિસ્તાનમાં લશ્કર-એ-તૈયબાના સ્થાપક સભ્ય અને આતંકવાદી હાફિઝ સઈદના રાઈટ હેન્ડ ગણાતા આમિર હમઝા પર પાકિસ્તાનમાં જીવલેણ હુમલો થયો છે. આમિરને લાહોરમાં અજાણ્યા હુમલાખોરોએ ગોળી મારી છે. જે બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. હાલમાં તેની હાલત ગંભીર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેઝરી દ્વારા હમઝાને આતંકવાદી જાહેર કરવામાં આવ્યો છે.મીડિયા રિપોર્ટ્સ દ્વારા મળતી માહિતી અનુસાર, આમિર હમઝા પર અજાણ્યા હુમલાખોરોએ લાહોરમાં એક ન્યૂઝ ચેનલની ઓફિસની બહાર ફાયરિંગ કર્યું હતું. આ હુમલામાં આમિરને કથિત રીતે અનેક ગોળીઓ લાગી છે. હુમલા બાદ તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. આમિરની સ્થિતિ અંગે હોસ્પિટલ તરફથી હજુ કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.આમિર હમઝાની ગણતરી અફઘાન મુજાહિદીનના અનુભવી કમાન્ડરોમાં થાય છે. તેને હાફિઝ સઈદનો રાઈટ હેન્ડ માનવામાં આવે છે. લશ્કરમાં આમિર હમઝાનું કામ ફંડ એકત્ર કરવાનું, નવી ભરતી કરવાનું અને અન્ય પક્ષો સાથે ડીલ કરવાનું હતું. પાકિસ્તાનમાં દાવો કરવામાં આવે છે કે તે વર્ષોથી લશ્કર-એ-તૈયબામાં સક્રિય નથી. વર્ષ ૨૦૧૮માં લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા જમાત-ઉદ-દાવા અને ફલાહ-એ-ઈન્સાનિયત ફાઉન્ડેશનમાં આર્થિક ગેરરીતિઓના આરોપો પછી હમઝાની લશ્કર સાથે દૂરી વધી હતી. ત્યારબાદ હમઝાએ 'જૈશ-એ-મનકફા' નામનું એક અલગ ગ્રુપ બનાવ્યું હતું. જોકે, એવું માનવામાં આવે છે કે હાફિઝ સઈદ સાથે તેનો સંપર્ક સતત જળવાઈ રહ્યો હતો. હાફિઝ સઈદ ભારત માટે મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે. લશ્કર-એ-તૈયબા પર ભારતમાં થયેલા આતંકી હુમલાઓમાં સામેલ હોવાનો આરોપ છે. આમિર હમઝાનો સંબંધ પણ અનેક આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે માનવામાં આવે છે, જેમાં ભારતમાં થયેલા અનેક હુમલાઓ પણ સામેલ છે.

### કહ્યું - તેમની પાસે માનસિક શાંતિ જ નથી....

# સમય રૈનાએ કોમેડિયન સુનીલ પાલને તતડાવ્યો

## વકીલે એવી દલીલ કરી હતી કે જે લોકો મતદાન નથી કરતા, તેમને મળતી સરકારી સુવિધાઓનો લાભ બંધ કરી દેવો જોઈએ

મુંબઈ, તા.૧૬

સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈના પોતાના સ્પેશિયલ શો સ્ટિલ અલાઈવના રિલીઝ બાદથી જ સતત ચર્ચામાં છે. તાજેતરમાં જ તેણે ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ વિવાદ દરમિયાન સિનિયર કોમેડિયન સુનીલ પાલ દ્વારા કરવામાં આવેલી આકરી ટીકા પર મૌન તોડ્યું છે. તેણે કહ્યું કે, સુનીલ પાલ એક હતાશ વ્યક્તિ છે, તેમની પાસે માનસિક શાંતિ નથી અને મને સુનીલ પાલ માટે ખરાબ લાગે છે. વૈભવ મુંજાલ દ્વારા હોસ્ટ કરવામાં આવેલા પોડકાસ્ટ ધ લોંગેસ્ટ ઈન્ટરવ્યુમાં વાત કરતા સમય રૈનાને સુનીલ પાલની એક તસવીર બતાવવામાં આવી હતી અને તેને તેના વિચાર પૂછવામાં આવ્યા હતા. સમયે કહ્યું કે, હું તેમના વિશે નથી વિચારતો. મેં મારા જીવનમાં ખૂબ જ પહેલા એક વાત શીખી લીધી હતી કે જો કોઈ વ્યક્તિ અન્ય કોઈના વિશે ખરાબ બોલી રહી છે, તો તેનો અર્થ એ છે કે તે પોતે જ કોઈ મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહી છે. મને ખરાબ નથી લાગતું, પરંતુ એ તો સારું છે કે તેઓ મારા વિશે વાત કરી રહ્યા છે. આ યુવા સ્ટેન્ડ-અપ કોમેડિયને આગળ કહ્યું કે, તે મારા વિશે સારું બોલે છે કે ખરાબ, તેનાથી કોઈ ફરક પડતો નથી. અંતે તો તે મારા વિશે જ વાત કરી રહ્યો છે. મને ખરેખર તેના માટે ખરાબ લાગે છે.સમયે વધુમાં કહ્યું કે, કોઈને કોઈ વાત તેને પરેશાન કરી રહી છે, કોઈ પ્રકારની અસુરક્ષા છે. તેમની પાસે માનસિક શાંતિ નથી. મને આશા છે કે તેમને શાંતિ મળશે. જે માણસ પોતે શાંત હોય છે, તેને ક્યારેય બીજાની માનસિક શાંતિ ભંગ કરવામાં મજા નથી આવતી.સમય માત્ર સુનીલ પાલ પર જ નહીં અટક્યો. તેણે એ તમામ લોકો પર પણ કટાક્ષ કર્યો અને સણસણતો જવાબ આપ્યો જેમણે આ વિવાદ દરમિયાન તેની વિરુદ્ધ અવાજ ઉઠાવ્યો હતો. તેણે કહ્યું કે ઈન્ડિયાઝ ગોટ લેટન્ટ વિવાદ દરમિયાન જે લોકોએ પણ અમારી વિરુદ્ધ જોરદાર હુમલો કર્યો હતો, તે તમામ પોતાની જિંદગીમાં હતાશ છે. શું કપિલ શર્માએ અમારી વિરુદ્ધ કંઈ કહ્યું? અથવા કોઈ સારા એક્ટરે કંઈ કહ્યું? ઘણા લોકો સામે આવીને અમારી વિરુદ્ધ બોલી શક્યા હોત, પરંતુ જે કોઈની પાસે પણ માનસિક શાંતિ હતી, તેણે એવું કંઈ જ ન કર્યું. માત્ર એવા જ હતાશ લોકો અમારી પાછળ પડ્યા જેમણે આવું કરવાનો નિર્ણય કર્યો હતો.વાસ્તવમાં સુનીલ પાલે સમય રૈના અને રણવીર અલ્હાબાદિયા પર જોરદાર પ્રહાર કરતા કહ્યું હતું કે, તેઓ એવા આતંકવાદીઓ છે જે ગંદી ભાષા અને અશ્લીલ કન્ટેન્ટનો ઉપયોગ કરે છે. તેઓ પોતાને કન્ટેન્ટ ક્રિએટર કહે છે, પરંતુ તેમની પાસે ન તો કોઈ કન્ટેન્ટ છે અને ન તો તેઓ ક્રિએટર છે. મારું માનવું છે કે આવી ગંદકી ફેલાવવા બદલ તેમને ઓછામાં ઓછી ૧૦ વર્ષની જેલની સજા થવી જોઈએ. નોંધનીય છે કે, જાહેરમાં ચાલેલા આ શાબ્દિક યુદ્ધ છતાં પાછળથી આ બંનેએ એક જાહેરાત માટે સાથે મળીને કામ કર્યું હતું.

# ઇઝરાયલ-લેબેનોન વચ્ચે ૩૪ વર્ષ બાદ ઐતિહાસિક મંત્રણા

લેબેનોન, તા.૧૬

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે અમેરિકા અને ઈરાન બાદ હવે ઈઝરાયલ અને લેબેનોન પણ વાતચીત માટે રાજી થયા છે. ઈઝરાયલ અને લેબેનોન વચ્ચે લગભગ ૩૪ વર્ષ બાદ પ્રથમ વખત ઉચ્ચ સ્તરીય સીધી વાતચીત શરૂ થવા જઈ રહી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ મામલે ખુશી વ્યક્ત કરતા તેને એક 'શાનદાર' શરૂઆત ગણાવી છે. ટ્રમ્પે કહ્યું છે કે, ઈઝરાયલ અને લેબનાન વચ્ચે રાહત અપાવવાના પ્રયાસો કરી રહ્યો છું. બંને નેતાઓએ ૩૪ વર્ષથી વાત કરી નથી, હવે વાત થશે. આ ખૂબ સારું છે. અમેરિકા આ વાટાઘાટોમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવી રહ્યું છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોની હાજરીમાં આ સીધી વાતચીત યોજાઈ હોવાના અહેવાલ છે, જેને તણાવ ઘટાડવાની દિશામાં મોટું પગલું માનવામાં આવે છે.

અમેરિકાએ સ્પષ્ટતા કરી છે કે ઈઝરાયલ-લેબેનોન વચ્ચેની આ વાતચીતને અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા બે સપ્તાહના સીઝફાયર સાથે કોઈ લેવાદેવા નથી. અમેરિકાના અધિકારીઓના મતે, આ એક સ્વતંત્ર રાજદ્વારી પ્રક્રિયા છે જેનો ઉદ્દેશ્ય ઈઝરાયલની ઉત્તરી સરહદ પર શાંતિ સ્થાપિત કરવાનો છે. જો કે, લેબેનોનમાં સક્રિય સંગઠન હિઝબુલ્લાહ આ મંત્રણા કે ટૂંકા ગાળાના યુદ્ધવિરામના પ્રસ્તાવને સ્વીકારશે કે નહીં તે હજુ સ્પષ્ટ નથી.અમેરિકા અત્યારે ઉતાવળમાં કોઈ નિર્ણય લેવાને બદલે બંને દેશો વચ્ચે વિશ્વાસ વધારવા પર ધ્યાન આપી રહ્યું છે. ઈઝરાયલ અત્યારે લેબેનોનમાં એક અઠવાડિયાના ટૂંકા ગાળાના યુદ્ધવિરામ પર વિચાર કરી રહ્યું છે, જેથી ભવિષ્યમાં કોઈ કાયમી શાંતિ કરારનો માર્ગ મોકળો થઈ શકે.

### પીએમ સ્ટાર્મરે કંપનીઓને આપી ચેતવણી

# યુકેમાં પણ બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લાગી શકે છે

## સરકારે સ્વીકાર્યું છે કે કેટલીક સોશિયલ મીડિયા કંપનીઓ પહેલાથી જ કેટલાક સુરક્ષા પગલાં લઈ રહી છે

લંડન, તા.૧૬

બ્રિટનના પ્રધાનમંત્રી Keir Starmerએ સોશિયલ મીડિયા કંપનીઓને બાળકોની ઓનલાઈન સુરક્ષા મુદ્દે આગળ આવી જવાબદારી લેવા માટે કડક અપીલ કરી છે. ગુરુવારે Mªa, Snapchat, Google, TikTko અને X જેવી મોટી ટેક કંપનીઓના અધિકારીઓ સાથેની બેઠક પહેલાં Keir Starmerએ આ નિવેદન આપ્યું હતું. સોશિયલ મીડિયાના ઉપયોગથી હવે લોકોના મેન્ટલ હેલ્થ પર અસર પડી રહી છે. આથી દરેક દેશ સોશિયલ મીડિયાને કન્ટ્રોલ કરવાની કોશિશ કરી રહ્યા છે.સરકારનું કહેવું છે કે બાળકો ઓનલાઈન જોખમજનક કન્ટેન્ટનો સામનો કરી રહ્યા છે. જોકે આ માટેની જવાબદારી સ્પષ્ટ રીતે કોઈ લઈ નથી રહ્યું. આ મુદ્દે હવે બ્રિટિશ સરકાર વધુ કડક પગલાં લેવાની તૈયારીમાં છે. ખાસ કરીને સોશિયલ મીડિયા એપ્સના બાળકોની ઊંઘ, તેમનું ફેમિલી જીવન અને અભ્યાસ પર પડતા પ્રભાવને નિયંત્રિત કરવા સરકાર હવે કેટલાક કડક પગલાં ઉઠાવી રહી છે. આ વિશે Keir Starmerએ કહ્યું હતું કે 'સોશિયલ મીડિયા હવે નક્કી કરી રહ્યું છે કે બાળકો પોતાની જાતને કેવી રીતે જુએ. તેમની ફ્રેન્ડશિપ અને તેમની આસપાસની દુનિયા બધું સોશિયલ મીડિયા જ નક્કી કરે છે. જો એમાં રિસ્ક હોય તો આપણે એને નજર અંદાજ નહીં કરી શકીએ. બાળકોને ઓનલાઈન સુરક્ષિત રાખવા માટે હું મારાથી બનતા તમામ પ્રયત્ન કરીશ. આજે સોશિયલ મીડિયા કંપનીઓ આગળ આવી પોતે જવાબદારી ઉઠાવે એ જરૂરી છે અને તેઓ એ કરે એની હું ખાતરી આપું છું.' સરકારે સ્વીકાર્યું છે કે કેટલીક સોશિયલ મીડિયા કંપનીઓ પહેલાથી જ કેટલાક સુરક્ષા પગલાં લઈ રહી છે. જેમ કે YouTube પર બાળકો માટે autoplay બંધ કરવું અને માતા-પિતાને સ્ક્રીન ટાઈમ પર વધુ નિયંત્રણ આપવું, જેમાં કર્ફ્યૂ જેવી સુવિધાઓ પણ સામેલ છે. તેમના દ્વારા હવે શોર્ટ્સને બંધ કરવાનું ફીચર પણ આપવામાં આવ્યું છે. જોકે Keir Starmer માને છે કે દરેક પ્લેટફોર્મ પર આવી સુવિધા નથી. તેમ જ આ પૂરતું પણ નથી અને વધુ કડક નિયમોની બનાવવાની જરૂર તેમણે દર્શાવી છે.

હાલમાં બ્રિટન સરકાર એક જાહેર સલાહ પ્રક્રિયા ચલાવી રહી છે, જે આગામી મહિના સુધી ચાલુ રહેશે. તેમાં બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ લગાવવાની શક્યતા પર વિચારણા થઈ રહી છે, જેમાં ૧૬ વર્ષથી ઓછા વયના બાળકો માટે સંપૂર્ણ પ્રતિબંધ, કર્ફ્યૂ, એપ ઉપયોગ સમય મર્યાદા અને વ્યસનકારક ડિઝાઈન ફીચર્સ પર નિયંત્રણ જેવા પગલાં સામેલ છે. આ માટે દરેકની સલાહ લેવામાં આવી રહી છે કે શું કરવું જોઈએ અને શું કરી શકાય. ત્યાર બાદ લોકોની સલાહ પરથી ચોક્કસ નિયમ બનાવવામાં આવશે.વિશ્વના અન્ય દેશો પણ આ દિશામાં આગળ વધી રહ્યા છે. Australia ગયા વર્ષે ૧૬ વર્ષથી ઓછા ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકનાર પ્રથમ દેશ બન્યો હતો, જ્યારે યુરોપના ઘણા દેશો પણ સમાન પગલાં પર વિચાર કરી રહ્યા છે.

આ સમગ્ર મુદ્દો હવે વૈશ્વિક સ્તરે ગંભીર ચર્ચાનો વિષય બની ગયો છે, જ્યાં બાળકોની ડિજિટલ સુરક્ષા અને ટેક્નોલોજી કંપનીઓની જવાબદારી વચ્ચે સંતુલન સાધવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

### હું જાહેર જીવન છોડી દઈશ : સાંસદ પૂનમબેન માડમ

# પૂનમબેન માડમે કૉંગ્રેસ અને AAPને રાષ્ટ્રીય નેતાઓ સાથેના ફોટા બતાવવાની ચેલેન્જ ફેંકી

## કાકા-ભત્રીજી વચ્ચેનો આ શાબ્દિક જંગ અત્યારે સૌરાષ્ટ્રના રાજકારણમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે

જામનગર, તા.૧૬

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને પગલે જામનગરમાં રાજકારણ તેજ બન્યું છે. જામનગરના સાંસદ પૂનમબેન માડમે કૉંગ્રેસ અને AAPને રાષ્ટ્રીય નેતાઓ સાથેના ફોટા બતાવવાની ચેલેન્જ ફેંકી રાજકારણ છોડવાની જાહેરાત કરી છે. સાંસદના પડકારને પૂર્વ સાંસદ વિક્રમ માડમે સ્વીકારી લેતા, કાકા-ભત્રીજી વચ્ચેનો આ શાબ્દિક જંગ અત્યારે સૌરાષ્ટ્રના રાજકારણમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.સાંસદ પૂનમબેન માડમે જાહેર સભામાં કહ્યું કે,''પક્ષના રાષ્ટ્રીય મોટા નેતાઓ સાથેનો કાર્યકરનો ફોટો બતાવો તો રાજકારણ છોડી દઈશ'',

સાંસદ પૂનમબેન માડમે કહ્યું કે, જ્યારે પણ કોઈ વિસ્તારના પ્રશ્નોની વાત આવે છે. ત્યારે વડા પ્રધાન સીધો સંવાદ કરીને સમસ્યાઓનો ઉકેલ લાવે છે.સાંસદ પૂનમબેન માડમે કહ્યું કે, કાર્યકરો તેમના દિગ્ગજ નેતા સાથે ફોટો પડાવી આપે તો હું જાહેર જીવન છોડી દઈશ. સાંસદ પૂનમબેન માડમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરતા કહ્યું કે, મોદીજી દરેક કાર્યકરને મળનારા અને સાંભળનારા નેતા છે.

તો બીજી તરફ જામનગરમાં પૂર્વ સાંસદ વિક્રમ માડમે આ ચેલેન્જ સ્વીકારી છે. આ દરમિયાન પુનમ બેન માડમના કાકા વિક્રમ માડમે કહ્યું કે,નામ તમે નક્કી કરો, તમે જે ચેલેન્જ આપી તે ૪૮ કલાકની અંદર, હું તો ૨૪ કલાકની અંદર ચેલેન્જ સ્વિકારુ છું. તમે નામ ચોઈસ કરો, કોંગ્રેસના કાર્યકરને રાહુલ ગાંધી સાથે ઉભો રાખીને તેનો ફોટો પડાવીને તમે કહો તે જાહેર મંચ પર હું ડિક્લેર કરીશ.વિક્રમ માડમે કહ્યું કે,૧૨ વર્ષની અંદર પહેલીવાર એક મર્યાદા હતી તે મર્યાદા તૂટી રહી છે, હું મારી વાતે ઉભો રહીશ, જનતા મને ઓળખે છે. સૌરાષ્ટ્રની રાજનીતિમાં શાબ્દિક પ્રહારોથી વાતાવરણ ગરમાયું છે.ભાજપ અને કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ (કાકા-ભત્રીજી) વચ્ચે સીધી લડાઈ જોવા મળી રહી છે.આગામી દિવસોમાં આ ચેલેન્જને લઈને જામનગરનું રાજકારણ વધુ રસપ્રદ બને તેવી પૂરેપૂરી શક્યતા છે.

### UNની બેઠકમાં સિક્યુરિટી કાઉન્સિલમાં કાયમી સભ્યપદ વધારવા માગણી

# UNમાં સુધારા લાવવા વીટો પાવર ધરાવતા દેશોની સંખ્યા વધારવી જરૂરી : ભારત

## વીટો પાવર સાથે કાયમી સભ્યપદની શ્રેણીનું વિસ્તરણ કરવામાં ન આવે તો આ પ્રમાણ વધુ કથળશે અને તેના કારણે અસંલુન અને અસમાનતાની વર્તમાન વ્યવસ્થાને બળ મળશે

યુનાઈટેડ નેશન્સ, તા.૧૬

યુનાઈટેડ નેશન્સ (UN)ના માળખામાં સમય પ્રમાણે બદલાવ લાવવાની જરૂરિયાત સંદર્ભે ભારતે સ્પષ્ટ કર્યું હતું કે, યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (UNSC)માં સુધારા લાવવા હોય તો કાયમી સભ્યપદની શ્રેણીનું વિસ્તરણ અનિવાર્ય છે. વીટો પાવર ધરાવતા દેશોની સંખ્યા વધારવામાં આવશે તો પ્રવર્તમાન સમયમાં સર્જાયેલા અસંતુલન અને અસમાનતાને દૂર કરી શકાશે. સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા વિષય અન્વયે યોજાયેલી ઈન્ટર-ગવર્નમેન્ટલ નેગોશિએશન (IGN) બેઠક દરમિયાન ભારતના UN રાજદૂત પાર્વથાનેની હરીશે કહ્યું હતું કે, વીટો સાથે અથવા તેના વગર નવી શ્રેણીની વિચારણા ખૂબ જટિલ બનશે, કારણકે આ અંગે ઘણી વ્યાપક ચર્ચાઓ થઈ રહી છે. બે મહત્ત્વના પરિબળ છે, જેના કારણે UNના માળખામાં અસંતુલન આવે છે અને કાયદેસરતાનો અભાવ વર્તાય છે. આ બંને પાસામાં સભ્ય પદ અને વીટોનો સમાવેશ થાય છે. UN સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા લાવવાની જરૂરિયાત અંગે કોઈ બેમત નથી. 80 વર્ષ પહેલા બનાવાયેલું માળખું વર્તમાન સમયની જરૂરિયાતોને પૂરી કરી શકતું નથી અને જીઓ-પોલિટિકલ સ્થિતિને સમજી શકતું નથી. 1960ના દસકા દરમિયાન કાઉન્સિલમાં એક માત્ર સુધારો થયો હતો અને તેના કારણે વીટો પાવર ધરાવતા દેશોની સંખ્યા વધી છે. વીટો ધરાવતા કાયમી સભ્ય અને વીટો રહિત બિન-કાયમી સભ્યનું પ્રમાણ 5:6 હતું, જેને વધારીને 5:10 કરવામાં આવ્યું હતું. વીટો પાવર સાથે કાયમી સભ્યપદની શ્રેણીનું વિસ્તરણ કરવામાં ન આવે તો આ પ્રમાણ વધુ કથળશે અને તેના કારણે અસંલુન અને અસમાનતાની વર્તમાન વ્યવસ્થાને બળ મળશે. તેથી કાયમી સભ્યપદ અને વીટો શ્રેણીનું વિસ્તરણ કર્યા વગર સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારો લાવી શકાય તેમ નથી. ઉલ્લેખનીય છે કે, ભારત દાયકાઓથી સિક્યુરિટી કાઉન્સિલમાં સુધારા માટે પ્રયત્નશી છે. 1945ના વર્ષમાં સ્થપાયેલી 15 દેશોની કાઉન્સિલના હેતુ સાથે 21મી સદીમાં તાલમેલ સાધવો હોય તો વર્તમાન સમયની જીઓ-પોલિટિકલ સ્થિતિને સમજવી પડશે.

### ઉજ્જૈન મહાકાલ મંદિર સમિતિનો મોટો નિર્ણય

# નિઃશુલ્ક ભસ્મ આરતી બંધ, ઓનલાઈન જ કરી શકાશે બુકિંગ

## નિયમિત ઓનલાઇન બુકિંગ માટેની વિન્ડોમાં પણ ફેરફાર કરાયો છે. પહેલા ભક્તો ત્રણ મહિના અગાઉ બુકિંગ કરી શકતા હતા

નવી દિલ્હી, તા.૧૬

મધ્યપ્રદેશના ઉજ્જૈનના પ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિરમાં ભસ્મ આરતીના દર્શનને લઈને મંદિર સમિતિ દ્વારા મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. ભક્તોની સુવિધા અને વ્યવસ્થા જાળવવા માટે હવે ઓફલાઈન બુકિંગની પ્રક્રિયામાં મહત્ત્વનો ફેરફાર કરાયો છે.ઉજ્જૈનમાં આવેલ વિશ્વપ્રસિદ્ધ શ્રી મહાકાલેશ્વર મંદિર પ્રબંધન સમિતિએ ભસ્મ આરતી માટેની ઓફલાઈન પરમિશનની સુવિધા ૯ એપ્રિલથી સંપૂર્ણપણે બંધ કરી દીધી છે. અત્યાર સુધી ભક્તો કલાકો સુધી કતારમાં ઉભા રહીને ઓફલાઈન પરમિશન મેળવતા હતા, પરંતુ હવે આ આખી પ્રક્રિયાને ડિજિટલ બનાવી દેવામાં આવી છે.અગાઉ મંદિર સમિતિ દ્વારા કુલ ૧૭૦૦ ભક્તોને ભસ્મ આરતી માટે પરવાનગી આપવામાં આવતી હતી, જેમાંથી ૩૦૦ ભક્તોને નિઃશુલ્ક (ફ્રી) પરમિશન મળતી હતી. નવા નિયમો મુજબ હવે નિઃશુલ્ક વ્યવસ્થા પૂરી કરી દેવામાં આવી છે. હવે 'તત્કાલ બુકિંગ' હેઠળ આવતા આ ૩૦૦ ભક્તોએ પણ પ્રતિ વ્યક્તિ ૨૦૦ રૂપિયાની ઓનલાઈન ફી ચૂકવવી પડશે.જે ભક્તો તાત્કાલિક ધોરણે આરતીમાં સામેલ થવા માંગે છે, તેમણે દર્શનના એક દિવસ અગાઉ મંદિરની સત્તાવાર વેબસાઈટ પર બુકિંગ કરવાનું રહેશે. આ માટેનું પોર્ટલ દરરોજ સવારે ૮ વાગ્યે ખુલશે અને 'વહેલા તે પહેલા'ના ધોરણે બુકિંગ કરી શકાશે. દાખલા તરીકે, જો તમારે ૧૬ એપ્રિલની આરતીમાં જવું હોય, તો ૧૫ એપ્રિલ સવારે ૮ વાગ્યે ઓનલાઈન બુકિંગ કરવાનું રહેશે.નિયમિત ઓનલાઈન બુકિંગ માટેની વિન્ડોમાં પણ ફેરફાર કરાયો છે. પહેલા ભક્તો ત્રણ મહિના અગાઉ બુકિંગ કરી શકતા હતા, પરંતુ હવે આ સમયગાળો ઘટાડીને એક મહિનો કરી દેવામાં આવ્યો છે. હવે દરેક મહિનાની ૧લી તારીખે સવારે ૮ વાગ્યે આગામી મહિના માટેનું બુકિંગ પોર્ટલ ખુલશે. જેમ કે, જૂન મહિનાનું બુકિંગ ૧ મેથી શરૂ થશે.ભસ્મ આરતી ઉપરાંત સંધ્યા આરતી અને શયન આરતી માટે પણ ઓનલાઈન બુકિંગ ફરજિયાત છે, જેના માટે પ્રતિ વ્યક્તિ ૨૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા છે. સંધ્યા આરતી માટે બુકિંગ પોર્ટલ દરરોજ બપોરે ૧૨ વાગ્યે અને શયન આરતી માટે સાંજે ૪ વાગ્યે ખુલે છે. સામાન્ય ભક્તો માટે માત્ર 'ચલિત દર્શન' (ચાલતા દર્શન) જ મફત રાખવામાં આવ્યા છે.

### ભારતને મોટો ઝટકો

# રશિયા-ઈરાન પાસેથી સસ્તું ઓઈલ ખરીદવાની છૂટ અમેરિકાએ સમાપ્ત કરી

## ભારત હવે રશિયા સાથે વેપાર ચાલુ રાખવા માટે રૂપિયા-રૂબલ પેમેન્ટ ગેટવે જેવા વૈકલ્પિક રસ્તાઓ પર ગંભીરતાથી વિચાર કરી શકે છે

નવી દિલ્હી, તા.૧૬

રશિયા અને ઈરાન પાસેથી ઓઈલની આયાત બંધ થવાથી હવે ભારતની નિર્ભરતા ખાડીના અન્ય દેશો અથવા અમેરિકાના સ્થાનિક બજાર પર વધશે, જે ભારતને મોંઘું પડી શકે છે. પુરવઠો ઘટવાથી દેશમાં પેટ્રોલ-ડીઝલ અને રાંધણ ગેસના ભાવમાં ઉછાળો આવવાની પૂરેપૂરી શક્યતા છે.અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન ઉભી થયેલી ઓઈલની કમીને પહોંચી વળવા અમેરિકાએ રશિયન ઓઈલની ખરીદી પર જે છૂટછાટ આપી હતી તેની મર્યાદા ૧૧ એપ્રિલ ના રોજ પૂર્ણ થઈ ગઈ છે. અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે બુધવારે જાહેરાત કરી છે કે, રશિયન અને ઈરાની ઓઈલની ખરીદી માટે અપાયેલી પ્રતિબંધોની છૂટછાટની સમયમર્યાદા હવે લંબાવવામાં આવશે નહીં.ભારત આ છૂટછાટનો સૌથી મોટો લાભાર્થી રહ્યો છે. અહેવાલો અનુસાર, છૂટ મળ્યા બાદ ભારતે રશિયા પાસેથી લગભગ ૩ કરોડ બેરલ ઓઈલના ઓર્ડર આપ્યા હતા. રિલાયન્સ જેવી ભારતીય રિફાઈનરીઓએ અગાઉ પ્રતિબંધોને કારણે રશિયન સપ્લાયર્સથી અંતર જાળવ્યું હતું, પરંતુ છૂટ બાદ ફરીથી ખરીદી શરૂ કરી હતી. રશિયા માટેની છૂટ ૧૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સમાપ્ત થઈ છે, જ્યારે ઈરાન માટેની આ છૂટ ૧૯ એપ્રિલ ના રોજ સમાપ્ત થવા જઈ રહી છે.અત્યાર સુધી ટ્રમ્પ વહીવટીતંત્રે વૈશ્વિક ઓઈલ બજારને સ્થિર કરવા માટે હંગામી નીતિ અપનાવી હતી. જોકે, અમેરિકામાં વિપક્ષી ડેમોક્રેટિક પાર્ટી દ્વારા આ છૂટછાટની આકરી ટીકા કરવામાં આવી રહી હતી. વિપક્ષી નેતાઓનો આરોપ હતો કે આ છૂટછાટથી મળેલા પૈસાનો ઉપયોગ રશિયા યુક્રેન સામેના યુદ્ધમાં કરી રહ્યું છે. હવે ટ્રેઝરી સેક્રેટરીએ સ્પષ્ટ કર્યું છે કે કોઈ નવું લાયસન્સ આપવામાં આવશે નહીં.રશિયા અને ઈરાન જેવા સસ્તા સ્રોતો બંધ થતા ભારત માટે મુશ્કેલ સ્થિતિ સર્જી શકે છે. ભારત હવે રશિયા સાથે વેપાર ચાલુ રાખવા માટે રૂપિયા-રૂબલ પેમેન્ટ ગેટવે જેવા વૈકલ્પિક રસ્તાઓ પર ગંભીરતાથી વિચાર કરી શકે છે, જે અમેરિકન પ્રતિબંધોની મર્યાદામાં ન આવતા હોય.

### ચર્ચાદરમ્યાન કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું

# મહિલા અનામતની વાત સૌથી પહેલા કોંગ્રેસે કરી હતી, ત્યારે ભાજપે વિરોધ કર્યો હતો

## પ્રિયંકા ગાંધીએ મહિલા અનામત બિલ પર ચર્ચા દરમ્યાન ભારતના લોકતાંત્રિક ઈતિહાસનો હવાલો આપતા કેન્દ્ર પર પ્રહારો કર્યા

નવી દિલ્હી, તા.૧૬

સંસદનું વિશેષ સત્ર આજે ૧૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ ભારે હોબાળા સાથે શરુ થયું. કેન્દ્ર સરકારે સદનના પટલ પર નારી શક્તિ વંદન અધિનિયમ અને પરિસીમન સાથે જોડાયેલું બિલ રજૂ કર્યું. આ બિલને લઈ સત્તા પક્ષ અને વિપક્ષની વચ્ચે જબરદસ્ત ટક્કર જોવા મળી. વિપક્ષના ભારે વિરોધના કારણે સદનમાં વોટિંગની સ્થિતિ ઊભી થઈ. વોટિંગ દરમ્યાન સરકારના પક્ષમાં ૨૫૧ અને વિરોધમાં ૧૮૫ વોટ પડ્યા. નવાઈની વાત એ છે કે એનડીએના ૪૨ સાંસદોએ વોટિંગ પ્રક્રિયામાં ભાગ નહોતો લીધો, સરકારે લોકસભા અને વિધાનસભામાં મહિલાઓને ૩૩ ટકા અનામત આપવાનો એક મોટો પ્રસ્તાવ રજૂ કર્યોછે. આ અંતર્ગત લોકસભામાં સભ્યોની સંખ્યા ૫૪૩થી વધીને ૮૫૦ કરવાની યોજના છે. તેના માટે સરકાર પરિસીમન આયોગન ગઠન અને કેન્દ્ર શાસિત પ્રદેશ કાનૂનમાં બદલાવની તૈયારી કરી રહી છે. વિપક્ષ આ વધતી સંખ્યા અને પરિસીમનની પ્રક્રિયાને લઈ સવાલો ઉઠાવી રહ્યા છે.

મહિલા અનામત બિલ પર લોકસભામાં ચર્ચા દરમ્યાન કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ કહ્યું કે મહિલા અનામતની વાત સૌથી પહેલા કોંગ્રેસે કરી હતી, પણ તે સમયે ભાજપે તેનો વિરોધ કર્યો હતો. પીએમ મોદીએ આજે સદનમાં તેનો ઉલ્લેખ કર્યો, પણ એ ન જણાવ્યું કે વિરોધ કોણે કર્યો હતો. પણ હું જણાવું છું કે તેનો વિરોધ ભાજપે જ કર્યો હતો.

આ દરમ્યાન કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધીએ મહિલા અનામત બિલ પર ચર્ચા દરમ્યાન ભારતના લોકતાંત્રિક ઈતિહાસનો હવાલો આપતા કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા. તેમણે યાદ અપાવ્યું કે, ૧૯૨૮માં મોતીલાલ નહેરુ દ્વારા તૈયાર કરેલા રિપોર્ટમાં જ મહિલાઓના સમાન અધિકારનો પાય નાખવામાં આવ્યો હતો, જે બાદમાં કરાચી અધિવેશનમાં પાસ કર્યું. પ્રિયંકાએ કહ્યું કે આ વન વોટ વન વેલ્યૂના સિદ્ધાંતના કારણે ભારતીય મહિલાઓન આઝાદીના પહેલા દિવસથી જ વોટનો અધિકાર મળ્યો, જ્યારે અમેરિકા જેવા દેશોમાં આવું કરવામાં ૧૫૦ વર્ષ લાગી ગયા. તેમણે આધુનિક યુગમાં પંચાયતોમાં મહિલાઓની ભાગીદારીનો શ્રેય પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીને આપતા કહ્યું કે, કોંગ્રેસે હંમેશા મહિલાઓને નિર્ણાયક ભૂમિકામાં લાવવાનો પ્રયાસ કર્યો છે.

મહિલા અનામત બિલ પર ચર્ચા દરમ્યાન પ્રિયંકા ગાંધીએ ઈતિહાસના પન્ના ખંગાળતા ભાજપ પર કટાક્ષ કર્યો હતો. તેમણે દરેક વાતમાં પૂર્વ પીએમ જવાહર લાલ નહેરુને ઢસડવા પર કટાક્ષ કરતા સ્પષ્ટતા કરી કે ભારતીય મહિલાઓને આઝાદીના પ્રથમ દિવસથી વોટિંગનો હક આપવાનો પાયો નહેરુએ જ રાખ્યો હતો. જવાહરલાલ નહેરુ નહીં પણ મોતીલાલ નહેરુએ ૧૯૨૮માં પોતાના રિપોર્ટમાં રજૂ કર્યો હતો. પ્રિયંકાએ કહ્યું કે, કોંગ્રેસની આ વન વોટ વન વેલ્યૂનો વિચારના કારણે ભારતે અમેરિકા કરતા પહેલા મહિલાઓને સમાન અધિકાર આપ્યો. તેમણે ભાજપને યાદ અપાવ્યું કે, મહિલાઓનું રાજનીતિક સશક્તિકરણ કોંગ્રેસના ડીએનએમાં છે, જેની શરુઆત દાયકાઓ પહેલા નહેરુ પરિવારના પૂર્વજોએ કરી હતી.

સંસદમાં નારી શક્તિ વંદન બિલ પર ચર્ચા દરમ્યાન પ્રિયંકા ગાંધીએ ગૃહમંત્રી અમિત શાહ પર આકરા પ્રહારો કર્યા. શાહને આજના યુગના ચાણક્ય ગણાવતા પ્રિયંકાએ કટાક્ષ કર્યો કે તેઓ વિપક્ષ સાથે ચર્ચા કર્યા વિના ચૂપચાપ પોતાનો પ્લાન બનાવી લે છે. તેમણે આરોપ લગાવ્યો કે સરકાર આ બિલ કોઈ પણ તૈયારી વિના લાવી છે. પ્રિયંકાએ સવાલ ઉઠાવ્યો કે, જ્યા ઈરાદો સ્પષ્ટ છે તો ૫૪૩ની સીટોમાંથી તાત્કાલિક મહિલાઓને ૩૩ ટકા અનામત કેમ નથી આપી શકતા? તેમણે ચેતવણી આપી કે જો પ્રક્રિયામાં પારદર્શિતા નહીં રાખી તો આવા નિર્ણયથી લોકતંત્રની મૂળ ભાવના રદ થઈ જશે.

### મેલોની વિશે ટિપ્પણી પર કહ્યું અપમાન સાંખી નહીં લેવાય

# ઈટાલીના વિપક્ષે ડોનાલ્ડ ટ્રમ્પની ધજ્જિયાં ઉડાવી

## યુદ્ધમાં મદદ ન કરવાને કારણે ટ્રમ્પ નારાજ થયા છે

ઈટાલી, તા.૧૬

આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અત્યારે અમેરિકા અને ઈટાલી વચ્ચેના સંબંધોમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની કરવામાં આવેલી ટીકા બાદ ઈટાલીનું રાજકારણ એકાએક ગરમાયું છે. જોકે, નવાઈની વાત એ છે કે મેલોનીના કટ્ટર વિરોધી એવા નેતા પ્રતિપક્ષ એલી શ્લેન તેમની વહારે આવ્યા છે અને સંસદમાં ટ્રમ્પની ધજ્જિયાં ઉડાવી દીધી છે.

ઈટાલીની સેન્ટર લેફ્ટ ડેમોક્રેટિક પાર્ટીના નેતા એલી શ્લેને સંસદમાં ગર્જના કરતા કહ્યું કે, "કોઈપણ વિદેશી રાષ્ટ્રાધ્યક્ષ મારા દેશ અને મારી સરકારનું અપમાન કરી શકે નહીં. સાંભળી લે ટ્રમ્પ, ભલે અમે રાજકીય પ્રતિસ્પર્ધી હોઈએ, પરંતુ અમે ઈટાલિયન લોકો અમારા દેશ પર થતા હુમલા સહન નહીં કરીએ, ખાસ કરીને તારા તરફથી." એલી શ્લેને જે રીતે પોતાની રાજકીય દુશ્મની ભૂલીને વડાપ્રધાન મેલોની અને ઈટાલીના સાર્વભૌમત્વનું સમર્થન કર્યું, તેનાથી આખી સંસદમાં તેમને સ્ટેન્ડિંગ ઓવેશન (ઉભા થઈને માન) મળ્યું હતું.

અત્યાર સુધી ટ્રમ્પ અને મેલોની વચ્ચે ગાઢ મિત્રતા હતી, પરંતુ ઈરાન સાથેના સંભવિત યુદ્ધમાં મદદ ન કરવાને કારણે ટ્રમ્પ નારાજ થયા છે. એક ઈન્ટરવ્યુમાં ટ્રમ્પે મેલોની વિશે કહ્યું હતું કે, "મને લાગતું હતું કે તેમનામાં હિંમત છે, પણ હું ખોટો હતો. તેમને કોઈ ફર્ક નથી પડતો કે ઈરાન પાસે પરમાણુ હથિયાર છે, જે બે મિનિટમાં ઈટાલીને તબાહ કરી શકે છે." ટ્રમ્પે વધુમાં ઉમેર્યું કે મેલોની હવે એવા નથી રહ્યા જેવું તેમણે વિચાર્યું હતું.

એલી શ્લેને સંસદમાં સ્પષ્ટ કર્યું કે ઈટાલી એક સ્વતંત્ર અને સાર્વભૌમ દેશ છે અને આપણું બંધારણ યુદ્ધનો વિરોધ કરે છે. તેમણે કહ્યું કે ભલે ગૃહમાં અમે એકબીજાના વિરોધી હોઈએ, પરંતુ અમે સૌ પહેલા ઈટાલીના નાગરિકો છીએ. ઈટાલીના મીડિયામાં પણ એલી શ્લેનના આ નિવેદનની ખૂબ ચર્ચા થઈ રહી છે, જેણે દર્શાવ્યું છે કે જ્યારે દેશના સન્માનની વાત આવે ત્યારે ઈટાલીનો પક્ષ અને વિપક્ષ એક થઈ જાય છે.

### ફેબ્રુઆરીમાં થયેલાં આ કરારની સમીક્ષા જરૂરી બની

# વેપાર કરારની ચર્ચા માટે ભારતનું પ્રતિનિધિ મંડળ ૨૦મીએ US જશે

## અમેરિકામાં ટેરિફના માળખાંમાં થયેલાં ફેરફાર બાદ કરારની સમીક્ષા જરૂરી બની છેઃ વાણિજ્ય સચિવ

નવી દિલ્હી, તા.૧૬

ભારત અને અમેરિકા વચ્ચે દ્વિપક્ષીય વેપાર મંત્રણાને આખરી ઓપ આપવા માટે બંને દેશોના મુખ્ય મંત્રણાકારો વચ્ચે આગામી ૨૦ એપ્રિલથી વોશિંગ્ટનમાં ત્રણ દિવસની બેઠક યોજાશે. આ અંગે માહિતી આપતાં સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, અમેરિકા દ્વારા ટેરિફમાં કરાયેલાં ફેરફારને પગલે ફેબ્રુઆરીમાં થયેલાં આ કરારની સમીક્ષા જરૂરી બની છે.વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે, કરાર પર વધુ ચર્ચા કરવી આવશ્યક હોવાનું જણાવતાં તેમણે ઉમેર્યું હતું કે, મુખ્ય મંત્રણાકાર દર્પણ જૈનના નેતૃત્વમાં ભારતીય પ્રતિનિધિ મંડળ ચાલુ મહિનાની ૨૦મી તારીખે અમેરિકાની મુલાકાતે જશે. અમે કાનૂની કરારને અંતિમ સ્વરૂપ આપવા પ્રયત્નશીલ છીએ. અમેરિકા દ્વારા ગયા મહિને ભારત સહિત વિશ્વના અનેક દેશો વિરુદ્ધ કલમ ૩૦૧ હેઠળ શરૂ કરાયેલી બે તપાસના મુદ્દે પણ બેઠક દરમિયાન ચર્ચા કરાશે. ઉલ્લેખનીય છે કે, અમેરિકા અને ભારતે ગત ફેબ્રુઆરી મહિનામાં દ્વિપક્ષીય વેપાર કરારના પ્રથમ તબક્કાનું માળખું નક્કી થયાની જાહેરાત કરી હતી. આ માળખાં હેઠળ અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા સહમતિ દાખવી હતી. જોકે અમેરિકન સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફના આદેશ વિરુદ્ધ આપેલાં ચુકાદાને પગલે અમેરિકામાં ટેરિફનું ગણિત સમૂળગું બદલાઈ ગયું હતું. સુપ્રીમ કોર્ટના આદેશ બાદ, ટ્રમ્પે વિશ્વના તમામ દેશો પર ૨૪મી ફેબ્રુઆરીથી ૧૫૦ દિવસ માટે ૧૦ ટકા ટેરિફ લાદ્યો હતો.

### પ્લેયર ઓફ ધ મેચ મુદ્દે આકાશ ચોપડાએ કહ્યું

# રસીખ સલામને બદલે જોશ હેઝલવુડને એવોર્ડ અપાતા આકાશ ચોપડા નારાજ

## રસીખ સલામને બદલે માત્ર ૧ વિકેટ લેનાર જોશ હેઝલવુડને આ એવોર્ડ અપાતા આકાશ ચોપડાએ નારાજગી વ્યક્ત કરી હતી

નવી દિલ્હી, તા.૧૬

એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી IPL 2026ની ૨૩મી મેચમાં આરસીબીએ લખનૌ સુપર જાયન્ટ્સને ૫ વિકેટે હરાવી પોઈન્ટ ટેબલમાં પ્રથમ સ્થાન મેળવી લીધું છે. જોકે, આ મેચ બાદ મળેલો પ્લેયર ઓફ ધ મેચ એવોર્ડ ચર્ચાનો વિષય બન્યો છે. ૪ વિકેટ ઝડપનાર રસીખ સલામને બદલે માત્ર ૧ વિકેટ લેનાર જોશ હેઝલવુડને આ એવોર્ડ અપાતા પૂર્વ ક્રિકેટર આકાશ ચોપડાએ નારાજગી વ્યક્ત કરી છે. લખનૌ વિરુદ્ધ આરસીબીના બોલરોએ તરખાટ મચાવ્યો હતો. જેમાં યુવા ફાસ્ટ બોલર રસીખ સલામ ડારે ૪ ઓવરમાં માત્ર ૨૪ રન આપીને ૪ મહત્વની વિકેટ ઝડપી હતી. બીજી તરફ જોશ હેઝલવુડે ૪ ઓવરમાં ૨૦ રન આપીને માત્ર ૧ વિકેટ લીધી હતી. આંકડાકીય રીતે રસીખનું પ્રદર્શન ઘણું ચઢિયાતું હોવા છતાં એવોર્ડ હેઝલવુડને આપવામાં આવ્યો. પ્રખ્યાત કોમેન્ટેટર આકાશ ચોપડાએ કહ્યું કે, આરસીબી-એલએસજી મેચમાં રસીખ સલામને પ્લેયર ઓફ ધ મેચ કેમ ન આપવામાં આવ્યો? આ તો યુવા ખેલાડીની મહેનત સાથે અન્યાય છે. આકાશના મતે, જ્યારે રસીખ જેવા યુવા ખેલાડીઓ દિગ્ગજો વચ્ચે શાનદાર દેખાવ કરે ત્યારે તેમને પ્રોત્સાહન મળવું જોઈએ, નહીં તો તેમનો ઉત્સાહ ઘટી શકે છે.

### ૧૫ કે તેથી વધુ વર્ષના વયજૂથમાં બેરોજગારીનો દર વધ્યોઃ NSO

# માર્ચમાં બેરોજગારીનો દર આંશિક વધી ૫.૧% નોંધાયો

## બેરોજગારીની માસિક માહિતી માટે દેશવ્યાપી હાથ ધરાયેલાં સર્વે માટે કુલ ૩,૭૫,૨૬૨ લોકોના મંતવ્યો લેવાયાં હતાં

નવી દિલ્હી, તા.૧૬

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલાં યુદ્ધ સહિતની વૈશ્વિક અનિશ્ચિતતાઓની માઠી અસર ભારત સહિત વિશ્વના તમામ અર્થતંત્રો પર જોવા મળી રહી છે. શહેરી વિસ્તારોમાં બેરોજગારીના ઊંચા પ્રમાણને પગલે ચાલુ વર્ષે માર્ચ મહિનામાં ૧૫ અને તેથી વધુ વયના લોકોમાં બેરોજગારીનો દર આંશિક વધી ૫.૧ ટકા રહેવા પામ્યો હતો. ફેબ્રુઆરીમાં આ દર ૪.૯ ટકા નોંધાયો હતો તેમ સરકાર દ્વારા જારી કરાયેલાં આંકડામાં દર્શાવાયું છે. નેશનલ સ્ટેટેસ્ટિકસ ઓફિસ (એનએસઓ) દ્વારા જારી કરાયેલાં પીરિયોડિક લેબર ફોર્સ સર્વે (પીએલએફએસ) અનુસાર, શહેરી વિસ્તારોમાં બેરોજગારીનો દર ફેબ્રુઆરીના ૬.૬ ટકાની તુલનાએ માર્ચ, ૨૦૨૬માં વધીને ૬.૮ ટકા રહેવા પામ્યો હતો. ગ્રામીણ વિસ્તારોની ૧૫ કે તેથી વધુ વયની મહિલાઓમાં બેરોજગારીનો દર માર્ચ મહિનામાં લગભગ સ્થિર રહેવા પામ્યો હતો, જ્યારે આ વયજૂથના પુરુષોમાં આ દર ફેબ્રુઆરીની તુલનાએ સહેજ વધ્યો હતો.બેરોજગારીની માસિક માહિતી માટે દેશવ્યાપી હાથ ધરાયેલાં સર્વે માટે કુલ ૩,૭૫,૨૬૨ લોકોના મંતવ્યો લેવાયાં હતાં. ૧૫ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા શહેરી લોકો સંબંધિત અર્બન લેબર ફોર્સ પાર્ટિસિપેશન રેટ (એલએફપીઆર) માર્ચ મહિનામાં ૫૫.૪ ટકા નોંધાયો હતો, જ્યારે ફેબ્રુઆરીમાં આ દર ૫૫.૯ ટકા રહેવા પામ્યો હતો.

### ૧૦ કિ.મી. દૂરથી ધૂમાડો દેખાયો

# લખનઉમાં ૧૦૦થી વધુ સિલિન્ડર બ્લાસ્ટ થતાં ૧૦૦૦થી વધુ ઝૂંપડા રાખ

## વિશાળ ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ લાગ્યા બાદ એક પછી એક ૧૦૦થી વધુ સિલિન્ડર ફાટતા શહેર ધણધણી ઉઠ્યું

લખનઉ, તા.૧૬

ઉત્તર પ્રદેશની રાજધાની લખનૌના વિકાસ નગર વિસ્તારમાં બુધવારે સાંજે કાળજું કંપાવી દે તેવી ઘટના બની હતી. અહીં આવેલી એક વિશાળ ઝૂંપડપટ્ટીમાં ભીષણ આગ લાગ્યા બાદ એક પછી એક ૧૦૦થી વધુ રાંધણ ગેસના સિલિન્ડર ફાટતા આખું શહેર ધણધણી ઉઠ્યું હતું. આગ એટલી વિકરાળ હતી કે તેનું ધુમાડાનું વાદળ ૧૦ કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતું હતું.

સીતાપુર બાયપાસ પાસે આવેલી આ ઝૂંપડપટ્ટીમાં બુધવારે સાંજે આશરે ૪ વાગ્યે અચાનક એક ચિંગારીએ વિકરાળ રૂપ ધારણ કર્યું હતું.

જોતજોતામાં આગે આખી વસાહતને લપેટમાં લઈ લીધી હતી. ઝૂંપડાઓમાં રાખેલા સિલિન્ડરોમાં ધડાકા થવાનું શરૂ થતા આસપાસના રહેણાંક વિસ્તારોમાં પણ દહેશત ફેલાઈ ગઈ હતી. લપેટો ૩૦ ફૂટ ઊંચે સુધી ઉછળતી જોઈ લોકો જીવ બચાવવા રસ્તા પર દોડી આવ્યા હતા.

ફાયર બ્રિગેડની ટીમો માટે આ કામગીરી અત્યંત જોખમી હતી. એકતરફ ભીષણ આગ ઠારવાની હતી અને બીજી તરફ સતત થઈ રહેલા સિલિન્ડર બ્લાસ્ટથી બચવાનું હતું. ફાયરકર્મીઓએ જીવના જોખમે આગને પાકા મકાનો સુધી પહોંચતી અટકાવી હતી. આશરે ૮ કલાકની સતત જહેમત બાદ મોડી રાત્રે આગ પર કાબૂ મેળવી શકાયો હતો.

રાહતની વાત એ રહી કે કોઈ માનવ જાનહાનિના અહેવાલ નથી, પરંતુ આશરે ૧૦૦૦થી વધુ ઝૂંપડાઓ બળીને ખાખ થઈ ગયા છે. સેંકડો પરિવારો રસ્તા પર આવી ગયા છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આગમાં મરઘાં, બકરીઓ અને કૂતરા સહિત આશરે ૫૦ જેટલા અબોલ પશુઓ જીવતા ભુંજાઈ ગયા છે.

પોતાના સ્વજનો અને બાળકોને શોધવા માટે વ્યાકુળ થયેલા લોકો જ્યારે આગની અંદર જવાની જીદ કરવા લાગ્યા ત્યારે પોલીસે તેમને અટકાવ્યા હતા. આ દરમિયાન ભીડ ઉશ્કેરાઈ હતી અને પોલીસ તેમજ સિવિલ ડિફેન્સના કર્મચારીઓ પર પથરાવ કર્યો હતો. આ અથડામણમાં ૮થી ૧૦ લોકોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. હાલમાં ઘટનાસ્થળે પોલીસ બંદોબસ્ત તૈનાત છે અને તપાસ ચાલી રહી છે.

# ગામમાં સ્મશાનની જમીન નિમ કરવા અંગે કાયદેસર કાર્યવાહી અંગે મહત્વપૂર્ણ માહિતી

અમદાવાદ, તા. ૧૬

ગામમાં સ્મશાન (દફન / અંતિમ સંસ્કાર સ્થળ) માટે જમીન નિમ કરવાની પ્રક્રિયાએ ગુજરાત જમીન મહેસુલ કાયદા તથા સંબંધિત નિયમો હેઠળ આવશ્યક અને કાયદેસર પ્રક્રિયા છે. આ બાબતે ગ્રામ પંચાયતની મુખ્ય જવાબદારી રહે છે કે ગામમાં યોગ્ય જમીન ઓળખી તેને સ્મશાન માટે નિમ કરવા માટે જરૂરી કાર્યવાહી આગળ વધારવામાં આવે.

આ પ્રક્રિયા માટે ગ્રામજનો દ્વારા સામાન્ય અરજી તલાટી કમ મંત્રીને કરી શકાય છે. અરજી કોઈપણ સ્તરે આપવામાં આવે, અંતિમ રીતે તે તલાટી મારફતે જ પ્રક્રિયામાં લેવામાં આવે છે. ત્યારબાદ તલાટી દ્વારા જરૂરી દસ્તાવેજો અને અભિપ્રાયો સાથે ફાઈલ તૈયાર કરી આગળના સ્તરે મોકલવામાં આવે છે.

આ પ્રક્રિયામાં સામાન્ય રીતે નીચે મુજબના દસ્તાવેજો / અભિપ્રાયો જરૂરી બને છે : ગ્રામ પંચાયતનો ઠરાવ જમીનનો નકશો (નકશા મુજબની જગ્યાની વિગતો) જમીન પર કોઈ દબાણ નથી તે અંગેનો અભિપ્રાય, જમીન ખેતીલાયક નથી તે અંગેનો ખેતીવાડી અધિકારીનો દાખલો, જાહેર આરોગ્યને નુકસાન નહીં થાય તે અંગેનો સિવિલ સર્જનનો અભિપ્રાય સર્કલ ઓફિસર અને મામલતદારનો અભિપ્રાય, આ તમામ તપાસ અને પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મામલતદાર, પ્રાંત અધિકારી (ડેપ્યુટી કલેકટર) તથા જિલ્લા કલેકટર દ્વારા યોગ્ય નિર્ણય લેવાય છે.

ગુજરાતમાં ખાસ કરીને જયાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની વસ્તી વસવાટ કરે છે, ત્યાં અંતિમ સંસ્કાર માટે યોગ્ય સ્મશાન જમીન ઉપલબ્ધ કરાવવી એ કાયદેસર હક અને જરૂરી જાહેર સેવા છે. મુંબઈ જમીન મહેસૂલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૩૮, ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ તથા સરકારના સંબંધિત પરિપત્રો અનુસાર સ્થાનિક તંત્ર દ્વારા આ પ્રક્રિયાનો અમલ કરવામાં આવવો જોઈએ.

આ પ્રક્રિયા માટે સામાન્ય નાગરિકે માત્ર એક સાદી અરજી કરવી પૂરતી છે અને બાકીની કાર્યવાહી તંત્ર દ્વારા પૂર્ણ કરવામાં આવવી જોઈએ.

**કાંતિલાલ યુ. પરમાર–અમદાવાદ**

# અમરેલીના સાંસદ ભરત સુતરિયા શાયરના અંદાજમાં ઝળકયા



અમરેલી, તા. ૧૬

અમરેલીમાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન સાંસદ ભરત સુતરિયા ફરી એકવાર શાયરના અંદાજમાં જોવા મળ્યા. ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિકર્માની હાજરીમાં મંચ પરથી તેમણે શાયરી રજૂ કરી, જેને લઈને કાર્યક્રમમાં એક અલગ જ માહોલ સર્જાયો હતો.

રાજકીય ચર્ચાઓ વચ્ચે સાસંદે શાયરી દ્વારા સંદેશ આપવાનો અનોખો પ્રયાસ કર્યો. "તું મુઝે, મેં તુઝે ઈલ્ઝામ તો દેતે હૈં." જેવી પંકિતઓ દ્વારા તેમણે પરસ્પર દોષારોપણની રાજનીતિ પર કટાક્ષ કર્યો. તેમની આ રજૂઆત માત્ર રાજકીય સંદેશ પૂરતી સીમિત રહી નહીં, પરંતુ ઉપસ્થિત શ્રોતાઓને વિચાર કરવા પણ પ્રેરણા આપી.

કાર્યક્રમ દરમિયાન તેમની શાયરીએ સૌનું ધ્યાન ખેંચ્યું અને તાળીઓના ગડગડાટ વચ્ચે તેમની વાતોને સ્વીકાર મળ્યો. રાજકીય મંચ પર આ રીતે સાહિત્યિક અભિવ્યકિત દ્વારા સંદેશ આપવાની શૈલી લોકોમાં નવી ઊર્જા જગાડે છે.

સાંસદ અગાઉ પણ આવી શાયરી માટે જાણીતા રહ્યા છે અને આ વખતે પણ તેમણે પોતાની આગવી ઓળખને વધુ મજબૂત બનાવી.

# ગીર ગઢડામાં ચેક રિટર્ન કેસમાં ત્રણ આરોપી નિર્દોષ મુકત

ઉના, તા. ૧૬

ગીરગઢડા પ્રિન્સિપાલ સિવિલ કોર્ટમાં ચાલી રહેલા રૂા. ૮ લાખના ચેક રિટર્ન કેસમાં મહત્વપૂર્ણ ચૂકાદો આવ્યો છે. કોર્ટે ધોકડવા ગામના ત્રણ શખ્સોને નિર્દોષ ઠરાવી મુકત કર્યા છે.

મળતી માહિતી મુજબ, મોતીસર ગામના દેવલસંગ જેસંગભાઈ પરમારે મિત્રતા સંબંધના આધારે ધોકડવા ગામના વ્યકિતઓને રૂા. ૮ લાખ ઉછીના આપ્યા હતા. આ રકમ સાથે સુરક્ષા રૂપે ત્રણ કોરા ચેક લેવામાં આવ્યા હતા એક રૂા. ૬ લાખનો અને બે રૂા. ૧–૧ લાખના. ફરિયાદી દ્વારા આ ચેકો સૌરાષ્ટ્ર ગ્રામિણ બેંક, ધોકડવા શાખામાં જમા કરાવવામાં આવ્યા હતા, પરંતુ ખાતામાં પૂરતુ બેલેન્સ ન હોવાને કારણે ચેક રિટર્ન થયા હતા.



ત્યારબાદ નોટિસ પાઠવી નેગોશિયએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ ત્રણ અલગ અલગ કેસ દાખલ કરાયા હતા.

કેસની સુનાવણી દરમિયાન આરોપી પક્ષના વકીલ એસ.એસ. ઝવેરી દ્વારા કરવામાં આવેલી ઊંડાણપૂર્વકની ઊલટ તપાસમાં મહત્વપૂર્ણ તથ્યો સામે આવ્યા. બચાવ પક્ષે દલીલો કરી કે ચેકોનો દુરૂપયોગ કરવામાં આવ્યો હતો અને રકમ પહેલેથી જ ચૂકવાઈ ગઈ હતી.

કોર્ટ દ્વારા બંને પક્ષના પુરાવા, સાક્ષીઓની જબાની અને નિવેદનોનું વિશ્લેષણ કર્યા બાદ નોંધ્યું કે ફરિયાદીને પોતાના આક્ષેપોને સમર્થન આપતા પૂરતા પુરાવા રજુ કરવામાં નિષ્ફળતા મળી છે. તેમજ રજુ કરાયેલા પુરાવાઓમાં વિસંગતતા પણ સામે આવી.

આ તમામ પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ એચ.એમ. વૈષ્ણવે ત્રણેય આરોપીઓને નિર્દોષ જાહેર કરીને મુકત કરવાનો ચુકાદો આપ્યો છે.

### ટાઇગર વિજય કૃષ્ણ આચાર્ય સાથે ઓગસ્ટ ૨૦૨૬થી શૂટિંગ શરૂ કરશે

# ટાઈગર શ્રોફ ધૂમ-૩ના ડિરેક્ટર સાથે એકશન ફિલ્મ કરશે

## વિજય કૃષ્ણ આચાર્ય એવી સિક્વન્સ તૈયાર કરી રહ્યા છે જે દર્શકોને એક અનોખો સિનેમેટિક અનુભવ આપશે

મુંબઈ, તા.૧૬

ટાઈગર શ્રોફ હાલના પ્રોજેક્ટ પૂર્ણ કર્યા બાદ ધૂમ ૩ ફિલ્મથી જાણીતા ડિરેક્ટર વિજય કૃષ્ણ આચાર્ય સાથે એક એક્શન ફિલ્મ માટે જોડાશે એવા અહેવાલો છે. આ એક મોટા સ્કેલની એક્શન એન્ટરટેઈનર ફિલ્મ હશે. હાલમાં ફિલ્મ પ્રી-પ્રોડક્શનનાં તબક્કામાં છે અને ઑગસ્ટ ૨૦૨૬થી શૂટિંગ શરૂ થવાની યોજના છે.પ્રોજેક્ટ સાથે જોડાયેલા સુત્રના જણાવ્યા મુજબ, "ટાઈગર હાલમાં જોરદાર ફોર્મમાં છે અને વિવિધ જોનરની ઘણી ફિલ્મ સાઈન કરી રહ્યો છે. વિજય કૃષ્ણ આચાર્ય સાથેની આ ફિલ્મ તેના લાઈનઅપમાં સૌથી રસપ્રદ પ્રોજેક્ટ્સમાંની એક છે. આ સંપૂર્ણ એક્શનથી ભરપૂર ફિલ્મ છે. આ ફિલ્મ માટે એક્શન ખૂબ જ સ્ટાઈલિશ રીતે ડિઝાઈન કરવામાં આવી રહી છે, મોટા સ્તરે બનાવવામાં આવી રહી છે અને ભારતીય સિનેમામાં અગાઉ ક્યારેય ન જોવાયેલી હોય એવી એક્શન ફિલ્મ હશે."હજુ હાલમાં આ ફિલ્મનું નામ નક્કી થયું નથી, આ ફિલ્મ એક્શન અને સ્કેલના મામલે નવાં માપદંડો ઉભા કરશે એવું માનવામાં આવે છે. વિજય કૃષ્ણ આચાર્ય એવી સિક્વન્સ તૈયાર કરી રહ્યા છે જે દર્શકોને એક અનોખો સિનેમેટિક અનુભવ આપશે. ખાસ વાત એ છે કે નિર્માતાઓ ટાઈગર શ્રોફને એક નવા અવતારમાં રજૂ કરવા માંગે છે, જે દર્શકોને ચોંકાવી દેશે.સુત્રે વધુમાં ઉમેર્યું, "આ ફિલ્મમાં ટાઈગર એક્શનના નવા ક્ષેત્રમાં પ્રવેશ કરશે. હેતુ એ છે કે તેની ઈમેજમાં નવીનતા લાવવામાં આવે અને તેની શારિરીક ક્ષમતાઓ અને અભિનયને નવી ઊંચાઈએ લઈ જવામાં આવે."આ ફિલ્મ વિનોદ ભાનુશાલી અને ટોની ડી'સૂઝા પ્રોડ્યુસ કરશે અને ૨૦૨૭માં ભવ્ય થિયેટ્રિકલ રિલીઝ કરવાની યોજના છે. હાલમાં, ટાઈગર પ્રોડ્યુસર મુરાદ ખેતાંનીની આગામી ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો છે, જેનું ડિરેક્શન સચિન રવિ કરે છે.સુત્રએ જણાવ્યું કે, "જેવી ટાઈગર પોતાની હાલની એક્શન ફિલ્મ પૂરી કરશે, પછી તે સીધો જ વિજય સાથેની આ ફિલ્મમાં જોડાઈ જશે. આ તેના માટે આગામી મોટી મહત્વની ફિલ્મ છે."

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

વાગ્યાથી બપોરના અઢી વાગ્યા દરમ્યાન સરકારી પીપળવા ગામે આવેલ ધિરૂભાઈ મોહનભાઈ મોરડીયાના પ્લોટમાં પોતે પોતાની મેળે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

બીજા બનાવમાં ધારી તાલુકાના મીઠાપુર (નક્કી) ગામના વતની અને હાલ બગસરા તાલુકાના કાગદડી ગામની સીમ, દીનેશભાઈ વીરાભાઈ ચાવડાની વાડીએ રહેતાં હમીરભાઈ લાલજીભાઈ માથાસુળીયા નામનાં ૩૦ વર્ષીય યુવક ગત તા. ૧૫ ના રોજ બપોરનાં ૨ વાગ્યે કાગદડી ગામની સીમ ભાગીયુ રાખેલ વાડીએ આવેલ પાણીના ટાંકામાં ન્હાવા પડેલ હોય ત્યારે છાતીએ બાંધેલ દોરડુ તુટી જતા ટાંકાના પાણીમાં ડુબી જતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરામાં બતાવ્યા

ગાયત્રી મંદિર સુધી નદીની બન્ને સાઈડ રૂા. ૧૧૦ કરોડનાં ખર્ચ રિવરફ્રન્ટ મંજુર થયેલ છે. (૨) અમરેલી શહેરમાં સરકાર દ્વારા રૂા. ૧૯ કરોડનાં ખર્ચ આધુનીક ઈ–લાઈબ્રેરીનું કામ હાલ ટેકનીકલ સ્કુલમાં શરૂ છે. (૩) અમરેલી શહેરમાં હાલ વોર્ડ નં. ૪ અને ૧૧માં દરરોજ પીવાના પાણીનું વિતરણ કરવામાં આવે છે અને બાકીનાં તમામ વોર્ડમાં એકાતરા પાણી વિતરણ કરવામાં આવે છે. જે હવે પછી તમામ વોર્ડમાં નીયમીત પાણી આપવામાં આવશે. (૪) અમરેલી શહેરમાં કુલ ૧૪ નગર પ્રાથમિક શાળાઓ છે જે પૈકી ૧૦ નગર પ્રાથમિક શાળાઓનું નવું બાંધકામ થઈ ગયેલ છે અને બાકી રહેતી શાળાઓનું કામ ટુંક સમયમાં શરૂ થવાનું છે.

આમ, ઉપરોકત જણાવેલ તમામ કામો ભાજપ સરકાર દ્વારા મંજુર થયેલ હોય અને તે કામ પણ શરૂ હોય તેવા કામોનું કોંગ્રેસ પક્ષ દ્વારા ચુંટણી ઢંઢેરામાં બતાવી અને અમરેલી જનતાને ગેરમાર્ગે દોરવાનું કામ કરી રહી છે પરંતુ, અમરેલી જનતા ખૂબ હોશિયાર હોય અને જનતા જાણે પણ છે કે ફકત ૩ વર્ષનાં ટુંકા સમયમાં અમરેલીનાં ધારાસભ્ય અને રાજયનાં ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયાનાં પ્રયત્નોથી અમરેલી વિધાનસભામાં કુલ રૂા. ૧૦૦૦ કરોડનાં વિકાસનાં કામો મંજુર થયેલ છે. જે પૈકી અમુક કામો પૂર્ણ થઈ ચુકયા છે અને બાકીનાં કામો પ્રગતીમાં છે. તેમ પી.પી. સોજીત્રાની યાદીમાં જણાવેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સ્થાનિક ચૂંટણી માટે

પક્ષોનાં આગેવાનો અને ઉમેદવારો સાંજ પછી પ્રચાર કાર્ય કરી રહ્યા છે.

આગામી વર્ષે યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલા અતિ મહત્વની ગણાતી પાલિકા અને પંચાયતની ચૂંટણીને લઈને કોંગ્રેસ અને ''આપ'' ભાજપને પછડાટ આપવા દિવસ–રાત એક કરી રહી છે. તો ભાજપની વિરાટ સંગઠન શકિત ઉપરાંત, જિલ્લાનાં તમામ પાંચેય ધારાસભ્યો અને સાંસદ માટે સ્થાનિક ચૂંટણીમાં વિજય મેળવવો અત્યંત જરૂરી છે. જો કે જિલ્લાનાં મતદારોનું અકળ મૌન ભાજપ, કોંગ્રેસ અને ''આપ''નાં ઉમેદવારોને અકળાવી રહ્યું છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી ખાતે ભગવાન શ્રી પરશુરામ

સમાપન સમયે ભગવાન શ્રી પરશુરામજી પ્રત્યે આપણી શ્રધ્ધા અભિવ્યકત કરવા માટે ભવ્યાતિભવ્ય મહાઆરતી યોજાશે.

ભગવાન પરશુરામજીના પ્રાગટય ઉત્સવના મંગલદિને યોજાનારા ત્રિવિધ કાર્યક્રમ બ્રહ્મસ્વરોત્સવ, ભવ્ય શોભાયાત્રા અને મહા આરતીમાં અમરેલી નગરની તમામ સનાતની હિન્દુ પ્રેમી જનતા, વિવિધ વેપારી મંડળો, રાજકીય અને સામાજિક આગેવાનો, સ્વૈચ્છિક સંસ્થાના હોદેદારોને ઉપસ્થિત રહી ભગવાન શ્રી પરશુરામજી પ્રત્યે અપાર આસ્થા વ્યકત કરવા આગ્રહભર્યુ નિમંત્રણ છે.

આ ત્રિવિધ કાર્યક્રમને ભવ્ય અને દિવ્ય બનાવવા માટે ટીમ પરશુરામ ધામ, જિલ્લા બ્રહ્મસમાજ, શહેર બ્રહ્મસમાજ, યુવા બ્રહ્મસમાજ અને મહિલા બ્રહ્મસમાજ ધ્વારા ભારે જહેમત ઉઠાવી રહી છે.

### વાર્તા અને ટોનમાં મોટા ફેરફારો છતાં

# સલમાનની 'માતૃભૂમિ'ની રિલીઝ ડેટ હજી સુધી નક્કી કેમ નથી થઈ?

## માતૃભૂમિ શરૂઆતમાં ૨૦૨૦ની ગલવાન વેલી અથડામણ પર આધારિત હતી, તેનું નામ પણ બેટલ ઓફ ગલવાન હતું

મુંબઈ, તા.૧૬

સલમાન ખાનની આવનારી ફિલ્મ 'માતૃભૂમિઃ મે વૉર રેસ્ટ ઈન પીસ'ની વાર્તા અને ટોનમાં મોટા ફેરફારો છતાં પણ તેની રિલીઝ અંગે અનિશ્ચિતતાઓ છે. આ વૉર ડ્રામા, પહેલા એપ્રિલમાં આવવાની અપેક્ષા હતી અને પછી જૂનમાં શિફ્ટ થવાની વાત હતી, હવે વહીવટી આંટીઘુટીઓને કારણે અટકી ગઈ હોવાનું કહેવાય છે. આ અંગેના કેટલાક અહેવાલો મુજબ, ફિલ્મ હજી સુધી સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન પાસે પ્રમાણપત્ર માટે મોકલવામાં આવી નથી. નિર્માતાઓ હાલમાં આગળ શું કરવું તેની પ્રક્રિયા પર વિચાર કરી રહ્યા છે.એક સુત્રે આ પ્રક્રિયાઓ અને સ્થિતિ અંગે જણાવ્યું, "આ તબક્કે, જરૂરી ફેરફારો કર્યા પછી, ટીમ સમજવાનો પ્રયાસ કરી રહી છે કે સરળ રિલીઝ માટે આગળના પગલાં શું હોવા જોઈએ. કોઈ વિભાગ, ડિફેન્સ મિનિસ્ટ્રી, ઈન્ડિયન આર્મી કે સેન્સરે હજી સુધી ફિલ્મ જોઈ નથી."માતૃભૂમિ શરૂઆતમાં ૨૦૨૦ની ગલવાન વેલી અથડામણ પર આધારિત હતી, તેનું નામ પણ બેટલ ઓફ ગલવાન હતું, જેમાં ભારતીય અને ચીની સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી, તે ઘટનાનો આધાર લેવામાં આવ્યો હતો. પરંતુ ડિસેમ્બર ૨૦૨૫માં ટીઝર રિલીઝ થયા પછી ફિલ્મની દિશામાં ફેરફાર આવ્યો હોવાનું કહેવાય છે.ટીઝર અંગે ચીની સરકાર સાથે સંકળાયેલા પ્રકાશન ગ્લોબલ ટાઈમ્સ દ્વારા કડક પ્રતિક્રિયા મળી હતી, જેમાં ફિલ્મ પર "તથ્યોમાં છેડછાડ કરવાનો" આક્ષેપ લગાવવામાં આવ્યો હતો. આ પછી, ફેબ્રુઆરીમાં કેટલાક સરકારી અધિકારીઓ દ્વારા નિર્માતાઓને અનૌપચારિક રીતે સલાહ આપવામાં આવી હતી કે ચીન અને ગલવાનનાં સંદર્ભો દૂર કરવામાં આવે, કારણ કે બંને દેશો વચ્ચેના રાજનૈતિક સંબંધોમાં સુધારો થઈ રહ્યો હતો. ત્યારબાદ ફિલ્મનું નામ માતૃભૂમિ રાખવામાં આવ્યું, જે તેનાં નવા અભિગમનો સંકેત આપે છે.એવું પણ કહેવાયું હતું કે ડિરેક્ટર અપૂર્વ લાખિયાએ ફિલ્મના કેટલાક ભાગો ફરીથી શૂટ કર્યા છે. પરંતુ સૂત્રોએ સ્પષ્ટ કર્યુ કે ફિલ્મ સંપૂર્ણપણે ફરીથી લખાઈ નથી. સુત્રે જણાવ્યું, "માતૃભૂમિને સંપૂર્ણપણે ફરીથી લખવામાં આવી નથી કે રિશૂટ કરવામાં આવી નથી. મુંબઈ શેડ્યૂલ દરમિયાન, ટીમે કેટલાક વધારાના દ્રશ્યો શૂટ કર્યા, જેમાં પરિવાર અને સહાયક પાત્રોની પ્રેમ કહાનીઓ બતાવવામાં આવી છે. હવે ફિલ્મનું મુખ્ય ધ્યાન પરિવાર અને સંબંધો પર છે, જેથી તે હવે એક હ્યુમન ડ્રામા ફિલ્મ બની ગઈ છે." યુદ્ધના કેટલાક તત્વો હજી પણ ફિલ્મમાં છે. સુત્રે ઉમેર્યું, "હા, થોડો યુદ્ધનો ભાગ રાખવામાં આવ્યો છે. પરંતુ જો ચીન અને ગલવાનના સંદર્ભો દૂર કરી દેવાય, તો સંઘર્ષ શું રહેશે? આ જ મુખ્ય પ્રશ્ન છે અને આ મુદ્દે ટીમ હાલ વિચાર કરી રહી છે." ફિલ્મ હજી સુધી અધિકારીઓને બતાવવામાં આવી નથી અને તેની મુખ્ય કહાનીમાં પણ ફેરફાર થઈ રહ્યો છે, તેથી માતૃભૂમિની રિલીઝ ડેટ હાલ અનિશ્ચિત જ છે.

## અવસાન નોંધ

**બાબાપુર :** મેડી નિવાસી પ્રવિણસિંહ કેસરીસિંહ સોલંકી (ઉ.વ. ૬૮) તા. ૧૩ એપ્રિલનાં રોજ રામચરણ પામેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૧૫૫ | ૧૫૪૫ |
| ૨ | શિંગદાણા ફાડા | ૧૫૪૦ | ૧૮૧૫ |
| ૩ | તલ સફેદ | ૧૭૭૦ | ૨૫૦૦ |
| ૪ | તલ કાળા | ૧૯૧૦ | ૪૧૯૦ |
| ૫ | બાજરો | ૩૧૦ | ૩૧૦ |
| ૬ | જુવાર | ૫૦૦ | ૮૮૫ |
| ૭ | ઘઉં ટુકડા | ૩૭૫ | ૭૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૩૮૫ | ૫૦૦ |
| ૯ | મકાઈ | ૨૦૦ | ૪૧૦ |
| ૧૦ | ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| ૧૧ | ચણા દેશી | ૮૨૦ | ૧૦૦૫ |
| ૧૨ | સફેદ ચણા | ૧૦૦૫ | ૧૧૯૫ |
| ૧૩ | છોલે ચણા | ૧૩૧૦ | ૧૫૭૫ |
| ૧૪ | તુવેર | ૭૬૦ | ૧૪૯૫ |
| ૧૫ | વાલ | ૭૪૦ | ૧૨૦૦ |
| ૧૬ | કપાસ | ૯૦૦ | ૧૭૮૫ |
| ૧૭ | એરંડા | ૧૦૮૫ | ૧૨૩૦ |
| ૧૮ | જીરૂ | ૨૪૦૦ | ૪૨૦૦ |
| ૧૯ | રાય | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨૦ | ઈસબગુલ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૨૧ | ધાણા | ૧૮૬૫ | ૨૪૯૦ |
| ૨૨ | ધાણી | ૧૯૧૫ | ૨૮૦૦ |
| ૨૩ | અજમા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| ૨૪ | મેથી | ૯૪૦ | ૧૨૨૫ |
| ૨૫ | સોયાબીન | ૮૦૦ | ૧૦૨૦ |
| ૨૬ | મરચા લાંબા | ૨૦૫૦ | ૬૮૧૦ |
| ૨૭ | સુવાદાણા | ૧૨૫૦ | ૧૨૫૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૧૦ | ૧૮૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૯૦ | ૧૫૯૦ |
| ૩ | મગફળી | ૧૨૪૦ | ૧૪૯૦ |
| ૪ | જીરૂ | ૩૨૭૦ | ૪૧૪૦ |
| ૫ | ચણા | ૧૦૨૨ | ૧૦૫૮ |
| ૬ | ઘઉં | ૪૭૦ | ૫૩૦ |
| ૭ | ધાણા | ૧૫૧૦ | ૨૪૮૦ |
| ૮ | તુવેર | ૧૨૧૦ | ૧૪૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૧૦ | ૧૪૬૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૪૦૦૦ |
| ૫ | જીરૂ | ૩૨૫૦ | ૩૯૦૦ |
| ૬ | કપાસ | ૧૪૮૦ | ૧૭૭૫ |
| ૭ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૦૬ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૯૦ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૦૭ |
| ૧૦ | જુવાર | ૬૫૦ | ૯૩૦ |
| ૧૧ | અડદ | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૧ |
| ૧૩ | દેશી ચણા | ૧૦૨૫ | ૧૧૦૦ |
| ૧૪ | તુવેર | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૧૫ | એરંડી | ૧૧૮૦ | ૧૨૨૦ |
| ૧૬ | મેથી | ૧૦૫૦ | ૧૨૬૦ |
| ૧૭ | રાય/રાયડો | ૧૨૭૨ | ૧૩૦૦ |
| ૧૮ | ધાણા | ૧૭૫૦ | ૨૪૦૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૮૦ | ૧૭૬૧ |
| ૨ | મગફળી | ૧૨૬૧ | ૧૨૬૧ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૪૮ |
| ૪ | તુવેર | ૧૦૨૦ | ૧૪૮૦ |
| ૫ | ધાણા | ૧૮૯૯ | ૨૨૦૦ |
| ૬ | ઘઉં | ૪૫૨ | ૪૫૨ |
| ૭ | મેથી | ૯૦૦ | ૯૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૭૨ |
| ૨ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૫૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૫૦ | ૫૨૦ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૩૯ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૨૨૫૫ |
| ૬ | ચણા સફેદ | ૧૦૩૭ | ૧૦૩૭ |
| ૭ | તુવેર | ૧૦૧૦ | ૧૩૫૫ |
| ૮ | જીરૂ | ૩૪૨૫ | ૩૪૬૦ |
| ૯ | મગફળી | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | મેથી | ૧૦૨૦ | ૧૦૮૦ |
| ૧૧ | તલ સફેદ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૧૨ | રાયડો | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૧૩ | જુવાર | ૪૨૫ | ૫૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૫૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | સોયાબીન | ૯૦૦ | ૧૦૩૨ |
| ૧૭ | લસણ | ૨૦૦ | ૫૫૦ |
| ૧૮ | અડદ | ૮૭૦ | ૧૨૪૦ |
| ૧૯ | ધાણી | ૨૩૦૦ | ૨૩૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૬૦ | ૧૪૦૫ |
| ૨ | ઘઉં | ૪૧૦ | ૪૪૦ |
| ૩ | ચણા | ૧૦૦૧ | ૧૦૧૫ |
| ૪ | ધાણા | ૨૧૩૫ | ૨૪૫૦ |
| ૫ | તુવેર | ૧૧૧૦ | ૧૪૯૧ |
| ૬ | એરંડા | ૧૧૮૦ | ૧૨૧૪ |
| ૭ | શીંગ ફાડા | ૧૬૭૫ | ૧૭૦૦ |
| ૮ | વાલ | ૧૦૪૫ | ૧૦૪૫ |
| ૯ | રાઈ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ૧૦ | મેથી | ૯૭૦ | ૯૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૨૭૦ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૦૬૩ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૭૨૫ |
| ૪ | બાજરો | ૨૧૦ | ૫૨૫ |
| ૫ | ઘઉં ટુકડા | ૩૨૫ | ૫૫૫ |
| ૬ | જુવાર | ૩૦૦ | ૯૪૩ |
| ૭ | અડદ | ૮૦૧ | ૧૮૧૮ |
| ૮ | તુવેર | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ૯ | ચણા | ૮૦૦ | ૧૦૫૧ |
| ૧૦ | ધાણા | ૧૬૫૦ | ૨૦૫૦ |
| ૧૧ | મેથી | ૧૦૭૦ | ૧૨૫૦ |
| ૧૨ | સોયાબીન | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ૧૩ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |

### અરજીમાં વિદેશી ફંડિંગનો આરોપ

# નાસિક TCS કેસ હવે સુપ્રીમમાં: ધર્માંતરણને 'આતંકવાદી કૃત્ય' જાહેર કરવાની માંગણી

## આ મામલો માત્ર બળજબરીથી કે છેતરપિંડીથી ધર્મ પરિવર્તન કરવાનો નથી, પરંતુ આ દેશની સુરક્ષા માટે મોટો ખતરો છે

નાસિક, તા.૧૬

મહારાષ્ટ્રના નાસિક શહેરમાં સૌથી જાણીતી કંપની **TCS**માં બળજબરીથી ધર્મ પરિવર્તનનો મામલો સામે આવ્યા બાદ દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. આ મામલે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. તેમાં કહેવાયું છે કે, આ મામલો માત્ર બળજબરીથી કે છેતરપિંડીથી ધર્મ પરિવર્તન કરવાનો નથી, પરંતુ આ દેશની સુરક્ષા માટે મોટો ખતરો છે. સુપ્રીમ કોર્ટમાં પહેલેથી જ સુઓ મોટો હેઠળ ધર્મ પરિવર્તનનો એક ચાલી રહ્યો છે અને હવે આ કેસમાં નાસિક ટીસીએસ કેસની અરજી દાખલ કરવામાં આવી છે. કોર્ટમાં અરજી દાખલ કરનારા વકીલે કહ્યું કે, નાસિકની ટીસીએસમાં સંગઠન બનાવીને ધર્મ પરિવર્તન કરાવવાનો મામલો દેશની અંતરઆત્માને હચમચાવી નાખતો મામલો છે.

અરજીમાં શું માંગ કરાઈ અને કયા આક્ષેપો કરાયા?

નાસિક ટીસીએસ મામલે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરાયેલી અરજીમાં અનેક માંગ કરવામાં આવી છે, તેમાં મુખ્ય માંગ કરાઈ છે કે,

(૧) બળજબરીથી અથવા છેતરપિંડીથી ધર્મ પરિવર્તન કરાવવું તે દેશ માટે ગંભીર ખતરો છે.

(૨) જો મોટા સંગઠન દ્વારા અને દબાણ કરીને આવું અભિયાન ચલાવાઈ રહ્યું છે તો તે મામલાને આતંકવાદી કૃત્ય માનવું જોઈએ.

(૩) આવી રીતે ધર્મ પરિવર્તન કરાવવું માત્ર ધાર્મિક ઘટના નથી, પણ તે પૂર્વ આયોજિત ષડયંત્ર છે.

(૪) આવું ષડયંત્ર રચવા માટે વિદેશી શક્તિઓ નાણાં આપે છે. તેમનો ઈરાદો ભારતની એકતા, અખંડિતતા અને સુરક્ષા પર ખતરો ઉભો કરી દેશની ધાર્મિક જનસંખ્યાને બદલવાનો હોય છે.(૫) ધર્મની આઝાદીનો અધિકાર તો છે, પરંતુ તે જાહેર વ્યવસ્થા અને નૈતિકતાની શરતોને આધીન છે. એટલે કે આ આઝાદીના બહાને બળજબરીથી કે છેતરપિંડીથી ધર્મ બદલી ન શકાય.

અરજદારો સુપ્રીમ કોર્ટ સમક્ષ બે મોટી માંગ કરી છે. પહેલી માંગ એ છે કે, દેશમાં આવી રીતે ધર્મ પરિવર્તન અટકાવાવ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્ર સરકાર અને તમામ રાજ્ય સરકારોને કડકાઈથી પગલા ભરવાનો નિર્દેશ આપવામાં આવે.

બીજી માંગ એ છે કે, કેન્દ્ર અને રાજ્ય સરકારોને નિર્દેશ આપવામાં આવે કે, ધર્મ પરિવર્તન કેસને સાંભળવા માટે જુદી સ્પેશિયલ કોર્ટ એટલે કે વિશેષ કોર્ટ બનાવવામાં આવે.

### હાઇવે પરની હોટલ-ઢાબાઓ પર થતું હતું વેચાણ

# સુરતના સચિન GIDCમાંથી બે હજાર કિલોથી વધુ ડુપ્લિકેટ ઘી જપ્ત

## પોલીસે આ રેઇડ દરમિયાન બે આરોપીને ઝડપી પાડ્યા

સુરત, તા.૧૬

શહેરમાં ખાદ્ય સુરક્ષાને લઈને ચિંતાજનક પરિસ્થિતિ વચ્ચે સુરત શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ''ઓપરેશન શુદ્ધી'' અંતર્ગત મોટી કાર્યવાહી કરીને સચિન **GIDC** વિસ્તારમાં ચાલતી ડુપ્લિકેટ ઘી બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે ૨,૦૨૯ કિલોગ્રામથી વધુ ભેળસેળયુક્ત ઘી સાથે કુલ રૂ. ૩૬ લાખથી વધુની મત્તાનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે રેઈડ - શહેરમાં ડુપ્લિકેટ ઘીનું વેચાણ થતું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને એસ.ઓ.જી.ને તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. અલગ-અલગ ટીમો બનાવી ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સિસની મદદથી તપાસ હાથ ધરવામાં આવી. તેમની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે સચિન **GIDC** વિસ્તારમાં આવેલી ફેક્ટરી પર રેઈડ કરવામાં આવી છે. પોલીસે આ રેઈડ દરમિયાન બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. ભરતભાઈ ગોગનભાઈ પોલરા (ઉ.વ. ૪૮), રહેવાસી કામરેજ અને અમીન બાબુભાઈ વાઢવણિયા (ઉ.વ. ૪૫), રહેવાસી ઉમરા, સુરતને ઝડપી પાડ્યા છે.સસ્તા ભાવે વેચાણનો ખુલાસો - પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, આરોપીઓ આ ડુપ્લિકેટ ઘી સ્લમ વિસ્તારોની કિરાણા દુકાનો, હાઈવે પરની હોટેલ-ઢાબાઓ તેમજ આજુબાજુના જિલ્લાઓમાં બજાર કરતાં સસ્તા ભાવે વેચતા હતા. આ રીતે તેઓ સામાન્ય નાગરિકોના આરોગ્ય સાથે ખતરનાક ચેડાં કરી રહ્યા હતા.

પોલીસે બે સ્થળોએ કાર્યવાહી કરી છે. એક તો સચિન **GIDC**માં આવેલી ફેક્ટરી અને તલંગપોર વિસ્તારમાં આવેલા ગોડાઉનમાં તપાસ કરી હતી. કાર્યવાહી દરમિયાન પોલીસે ૨,૦૨૯ કિલોગ્રામ ડુપ્લિકેટ ઘી (કિંમત રૂ. ૧૪.૧૯ લાખ) અને ઘી બનાવવા માટેના મશીનો અને કાચો માલ (રૂ. ૨૧.૬૧ લાખ) મુદ્દામાલ કબ્જે કર્યો છે. કુલ મળીને રૂ. ૩૬.૩૬ લાખથી વધુની મત્તાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

આ મામલે સચિન **GIDC** પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ કાર્યવાહીથી શહેરમાં ભેળસેળયુક્ત ખાદ્ય પદાર્થોના ગેરકાયદેસર વેપાર પર મોટો પ્રહાર થયો છે. જો આ ડુપ્લિકેટ ઘી બજારમાં પહોંચ્યું હોત તો અનેક લોકોના આરોગ્ય પર ગંભીર અસર પડી શકી હોત. પોલીસની સમયસર કાર્યવાહીથી આ ખતરો ટળી ગયો છે.

### આ મામલે કુલ ૬ આરોપીઓની ધરપકડ

# ડ્રાય સ્ટેટ ગુજરાતમાં બનાસકાંઠા બાદ ભાવનગરમાં પકડાઇ નકલી દારૂની ફેક્ટરી

## મહુવાના હરિપરા રોડ ઉપર આવેલ ગુંદરણી ગામે ડિહાઇડ્રેશનના પ્લાન્ટની આડમાં ધમધમતી ડુપ્લીકેટ દારૂની ફેક્ટરી પકડાઈ છે

ભાવનગર, તા.૧૬

દારૂબંધીની વાતો વચ્ચે ગુજરાતભરમાં બુટલેગરો બેફામ બન્યા છે. ત્યારે ભાવનગર શહેર સહિત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ બૂટલેગરોને પોલીસની કાર્યવાહીનો જાણે કોઈ ડર રહ્યો ન હોવાનો કિસ્સો સામે આવ્યો છે. ભાવનગરમાં ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં ધમધમતી નકલી દારૂની ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. પોલીસે બાતમીને આધારે આ કાર્યવાહી કરી જુદી જુદી બ્રાન્ડની નકલી દારૂની બોટલો સાથે લાખો રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી આ મામલે કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી છે અને સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વિગતે વાત કરીએ તો, ભાવનગર પોલીસની પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, મહુવાના હરિપરા રોડ ઉપર આવેલ ગુંદરણી ગામે ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં ડુપ્લીકેટ દારૂ બનાવવાની ફેક્ટરી ધમધમી રહી છે. જેના આધારે પોલીસે ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં દરોડા પાડતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. કારણ કે દરોડા દરમિયાન ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં ડુપ્લીકેટ દારૂ બનાવતી આખે આખી ફેક્ટરી સેટ કરેલી મળી આવી હતી.બાતમીને આધારે પોલીસે રેડ કરતા ફેક્ટરીમાં પાછળના ભાગે આવેલી એક રૂમમાં કેટલાક શખ્સોએ જુદી-જુદી બ્રાન્ડની બોટલોમાં ડુપ્લીકેટ દારૂ ભરતા રંગે હાથ પકડાયા હતા. જેઓની પૂછપરછ કરતા તેઓ આ ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં નકલી દારૂ માટે આખેઆખી ફેક્ટરી ઊભી કરી, તેમાં નકલી દારૂ બનાવી તેનું જુદી-જુદી બ્રાન્ડની બોટલોમાં પેક કરી વેચાણ કરતા હોવાનું પોલીસની તપાસમાં ખુલવા પામ્યું છે.વિગતે વાત કરીએ તો, ભાવનગર પોલીસની પેરોલ ફર્લો સ્કવોર્ડને બાતમી મળી હતી કે, મહુવાના હરિપરા રોડ ઉપર આવેલ ગુંદરણી ગામે ડિહાઈડ્રેશનના પ્લાન્ટની આડમાં ડુપ્લીકેટ દારૂ બનાવવાની ફેક્ટરી ધમધમી રહી છે. જેના આધારે પોલીસે ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં દરોડા પાડતા પોલીસ પણ ચોંકી ગઈ હતી. કારણ કે દરોડા દરમિયાન ડિહાઈડ્રેશનના પ્લાન્ટમાં ડુપ્લીકેટ દારૂ બનાવતી આખેઆખી ફેક્ટરી સેટ કરેલી મળી આવી હતી. નોંધનીય છે કે, તાજેતરમાં બનાસકાંઠામાં થરા પોલીસે માંડલા ગામે ખેતરમાં ધમધમતી નકલી દારૂ બનાવતી મીની ફેક્ટરી ઝડપી પાડી હતી. ચેલા અણદાભાઈ પટેલ નામના ખેડૂતના ખેતરમાં મીની ફેક્ટરી બનાવી કેટલાક શખ્સો બેરલમાં કેમિકલ મિક્સ કરીને દારૂ તૈયાર કરતા હતા. કેમિકલથી દારૂ તૈયાર કરી આ લોકો અલગ અલગ બ્રાન્ડના સ્ટીકર લગાવતા હતા. ત્યારે પોલીસની કાર્યવાહી દરમિયાન આ કૌભાંડનો મુખ્ય આરોપી જયેશ ઠાકોર ફરાર થઈ ગયો હતો. જે બાદ પોલીસે ફેક્ટરીમાંથી દારૂ બનાવવા વપરાતી મશીનરી સહિત રૂ. ૫ લાખનો મુદ્દામાલ કબજે લઈ આગળની કાર્યવાહી આરંભી છે, ત્યારે દારૂબંધી વાળા ગુજરાતમાં સતત બે દિવસે નકલી દારૂની ફેક્ટરીઓ ધમધમતી પકડાતા પોલીસની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે.

### દિલ્હી એરપોર્ટ પર ટળી મોટી દુર્ઘટના

# Akasa અને SpiceJetના વિમાનો વચ્ચે થયેલી ટક્કર

## આ દુર્ઘટના બાદ સ્પાઇસજેટના વિમાનને દિલ્હી એરપોર્ટ પર ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું છે : મુસાફરો સુરક્ષિત

નવી દિલ્હી, તા.૧૬

દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગુરૂવારે એક મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. સ્પાઈસજેટનું **B737-700** વિમાન એરપોર્ટ પર ટેક્સીઈંગ કરી રહ્યું હતું ત્યારે તે અકાસા એરના ઉભેલા વિમાન સાથે અથડાયું હતું. આ ટક્કરમાં સ્પાઈસજેટના વિમાનની જમણી તરફથનું વિંગલેટ ક્ષતિગ્રસ્ત થઈ ગયું છે. સાથે અકાસા એરના વિમાનની ડાબી તરફથનું હોરિઝોન્ટલ સ્ટેબલાઈઝર પણ ડેમેજ થઈ ગયું. આ દુર્ઘટના બાદ સ્પાઈસજેટના વિમાનને દિલ્હી એરપોર્ટ પર ગ્રાઉન્ડ કરી દેવામાં આવ્યું છે.

બીજી એરલાઈનનું ડેમેજ થયેલું વિમાન પણ ઓપરેશનથી બહાર છે. અકાસા એરના પ્રવક્તાએ કહ્યું- અકાસા એરનું વિમાન જે દિલ્હીથી હૈદરાબાદ માટે ઉડાન **QP 1406** સંચાલિત કરી રહ્યું હતું, તેણે ૧૬ એપ્રિલ ૨૦૨૬ના બે **(bay)** પરત ફરવું પડ્યું. શરૂઆતી જાણકારી પ્રમાણે અકાસાનું વિમાન સ્થિર ઉભેલું હતું, ત્યારે બીજી એરલાઈનનું વિમાન તેની સાથે ટકરાયું હતું. બધા યાત્રિકો અને ક્રૂ સભ્યોને સુરક્ષિત બહાર કાઢી લેવામાં આવ્યા છે. અમારી ગ્રાઉન્ડ ટીમો યાત્રિકોને જલ્દી હૈદરાબાદ પહોંચાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી રહી છે.

સ્પાઈસજેટના પ્રવક્તાએ કહ્યું- ૧૬ એપ્રિલે દિલ્હી એરપોર્ટ પર ટેક્સી કરવા સમયે સ્પાઈસજેટનું એક **B737-700** વિમાન દુર્ઘટનાનું શિકાર થઈ ગયું, જેના કારણે તેના જમણા વિંગલેટ અને બીજી એરલાઈનના વિમાનને પણ નુકસાન પહોંચાડ્યું છે. સ્પાઈસજેટે વિમાનને દિલ્હીમાં રોકી દીધું છે.

આ ઘટના બાદ બંને વિમાનોને ઠીક કરવા અને તપાસ કરવા માટે લઈ જવાની તૈયારી છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ ઘટના ત્યારે બની જ્યારે લેહથી આવેલું સ્પાઈસજેટનું વિમાન ગેટ તરફ આગળ વધી રહ્યું હતું અને અકાસા એરનું વિમાન હૈદરાબાદ માટે પાછળ હટી રહ્યું હતું.

### AMC કમિશનરનો કડક આદેશ

# પ્રદૂષણના નિયમોનું પાલન ન કરતાં બિલ્ડરની બાંધકામ મંજૂરી રદ કરો

## મ્યુ. કમિશનર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની સાપ્તાહિક રિવ્યૂ બેઠક મળી

અમદાવાદ, તા.૧૬

અમદાવાદ શહેરમાં સતત વધતા જતા એર ક્વોલિટી ઈન્ડેક્સ **(AQI)**ને લઈ મ્યુનિસિપલ કમિશનર એક્શન મોડમાં જોવા મળ્યા હતા. શહેરની પ્રદૂષિત થતી જતી હવાને ધ્યાનમાં રાખીને તેમણે એસ્ટેટ વિભાગના અધિકારીઓને કડક તાકીદ કરતા કહ્યું કે, જે ડેવલપર્સ ગુડ કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસનો અમલ કરતા ન હોય તેમની બાંધકામ અંગેની રજાચિઠ્ઠી રદ કરી દો.

મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની સાપ્તાહિક (વીકલી) રિવ્યૂ બેઠક મળી હતી. બેઠકમાં શહેરના વિવિધ વોર્ડમાં ચાલતી અનેક બાંધકામ સાઈટો પર ડેવલપર્સ દ્વારા ગ્રીન નેટ લગાવવાથી લઈ અન્ય જરૂરી સુરક્ષાત્મક પગલાં યોગ્ય પ્રમાણમાં લેવાતા ન હોવાથી શહેરનો છઊીં સતત ઊંચો જઈ રહ્યો હોવા અંગે તેમણે ટકોર કરી હતી.દરમિયાન, અધિકારીઓએ પેનલ્ટી વસૂલવામાં આવતી હોવાનો જવાબ આપતા કમિશનરે કડક સૂચના આપી હતી કે, પેનલ્ટી વસૂલ્યા પછી પણ જો ડેવલપર નિયમોનું પાલન ન કરતા હોય, તો તેમને કોર્પોરેશન તરફથી આપવામાં આવેલી બાંધકામ અંગેની રજાચિઠ્ઠી રદ કરો. તમામ ઝોનમાં આ અંગે કડક અમલવારી કરવા આદેશ અપાયો છે, જેથી એર ક્વોલિટી ઈન્ડેક્સ નિયંત્રણમાં લાવી શકાય.મિશન મિલિયન ટ્રી' ઝુંબેશ અંતર્ગત ગાર્ડન વિભાગ દ્વારા નદી પારના એક પ્લોટમાં પ્લાન્ટેશન કર્યું હોવાનો અગાઉ દાવો કરાયો હતો, પરંતુ તે પ્લોટ પર કોર્પોરેશનનું અર્બન હેલ્થ સેન્ટર બનેલું હોવાનું સામે આવતા કમિશનરે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે અધિકારીઓને ચેતવણી આપી હતી કે, ખોટી કામગીરી બતાવવાની કોશિશ ન કરવી. આ ઉપરાંત, સીસીઆરએસ **(CCRS)** પર મળતી ફરિયાદોનો નિકાલ લાવ્યા વગર તેને ક્લોઝ કરનારા અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પણ સૂચના આપી હતી.અમદાવાદમાં તાપમાન વધવાની સાથે વિવિધ વોર્ડમાં રખડતા કૂતરાઓની ફરિયાદોમાં પણ વધારો થયો છે. શહેરીજનોની સુરક્ષા અને જાણકારી માટે, જે રીતે ગરમી માટે હોટ સ્પોટ જાહેર કરવામાં આવે છે, તે જ તર્જ પર રખડતા કૂતરાઓ માટેના 'હોટ સ્પોટ' જાહેર કરવા અંગે બેઠકમાં ચર્ચા થઈ હતી. ટૂંક સમયમાં જ આ વિસ્તારોની યાદી જાહેર કરવામાં આવશે.

### દાંતામાં પરીક્ષા પદ્ધતિ સામે હોબાળો

# CCE પરીક્ષા ઓનલાઈન નહીં, ઓફલાઇન લોની માગ સાથે પ્રાંત અધિકારીને આવેદન

## ઉમેદવારોનો તર્ક છે કે ઓનલાઈન પરીક્ષાના કેન્દ્રો દૂર હોવાથી અને ટેકનિકલ કારણોસર અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોના યુવાનોને ભારે મુશ્કેલી પડે છે

બનાસકાંઠા,તા.૧૬

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના શિક્ષિત યુવાનોએ એકઠા થઈને ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની નવી પરીક્ષા પદ્ધતિ સામે પોતાનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. યુવાનોએ દાંતા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે કે, આગામી **CCE** (ગ્રુપ-**A** અને ગ્રુપ-**B**) ની ભરતી પ્રક્રિયા ઓનલાઈન **(CBRT)** પદ્ધતિને બદલે પરંપરાગત ઓફલાઈન **(OMR)** પદ્ધતિથી યોજવામાં આવે. ઉમેદવારોનો તર્ક છે કે ઓનલાઈન પરીક્ષાના કેન્દ્રો દૂર હોવાથી અને ટેકનિકલ કારણોસર અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોના યુવાનોને ભારે મુશ્કેલી પડે છે.યુવાનોએ આવેદનમાં ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, અગાઉની ઓનલાઈન પરીક્ષાઓમાં 'નોર્મલાઈઝેશન' પદ્ધતિના કારણે મહેનત કરતા ઉમેદવારોના માર્ક્સમાં ૨ થી ૩૭ ગુણ સુધીનો મોટો તફાવત જોવા મળ્યો હતો. આ પ્રક્રિયામાં નસીબના આધારે પરિણામ બદલાતા હોવાથી મહેનતુ યુવાનોને અન્યાય થઈ રહ્યો છે. આ ઉપરાંત, અગાઉની પરીક્ષામાં ૩૦૦થી વધુ ખોટા પ્રશ્નોના મામલે હાઈકોર્ટ સુધી જવું પડ્યું હતું, જેના કારણે ભરતી પ્રક્રિયામાં લાંબો વિલંબ થયો હતો. યુવાનોએ સ્પષ્ટ કર્યું છે કે પોલીસ કોન્સ્ટેબલ અને **PSI** જેવી ઓફલાઈન પરીક્ષાઓ વધુ પારદર્શક અને ઝડપી હોય છે.

દાંતાના યુવાનોએ સરકારને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે જો જાહેરાત ક્રમાંક ૩૭૮/૨૦૨૫-૨૬ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કરીને તેને ઓફલાઈન કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. ઉમેદવારોના હિતમાં અને ભરતી પ્રક્રિયાને ક્ષતિરહિત બનાવવા માટે ઓનલાઈન પદ્ધતિ રદ કરવી અનિવાર્ય હોવાનું આવેદનપત્રમાં જણાવાયું છે.

# પાકિસ્તાનના આર્મી ચીફ મુનીર ટ્રમ્પનો મેસેજ લઈને પહોંચ્યા ઈરાન

તેહરાન, તા.૧૬

તેહરાનમાં ઈરાન અને પાકિસ્તાન વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે, જેમાં અમેરિકા સાથે તાજેતરના મેસેજની આપ-લે તેમજ અટકેલી વાટાઘાટો પર ચર્ચા કરવામાં આવશે. આ બેઠક એવા સમયે થઈ રહી છે, જ્યારે ૧૨ એપ્રિલે ઈસ્લામાબાદમાં થયેલી વાટાઘાટો કોઈ નક્કર પરિણામ આપી શકી નથી. આ કૂટનીતિક ગતિરોધ તોડવા માટે હવે નવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

ઈરાનના નાયબ વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરનું તેહરાનમાં સ્વાગત કર્યું. તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાને વાતચીત માટે પ્લેટફોર્મ પૂરું પાડીને મુખ્ય ભૂમિકા ભજવી છે અને ખાતરી આપી હતી કે બંને દેશો આ ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા માટે પ્રતિબદ્ધ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જનરલ મુનીર યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તરફથી એક નવો મેસેજ લઈને પહોંચ્યા છે, જે સંભવિત બીજા રાઉન્ડની વાટાઘાટો માટે હોઈ શકે છે. આ બેઠકને અમેરિકા અને ઈરાન વચ્ચે અટકેલી વાતચીત ફરી શરૂ કરવા માટે છેલ્લા પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

આ કૂટનીતિક પ્રવૃત્તિ એવા સમયે બની રહી છે, જ્યારે સતત તણાવની સ્થિતિ વધી રહી છે, ટૂંક સમયમાં બે અઠવાડિયાનો યુદ્ધવિરામ પણ સમાપ્ત થવાનો છે. ટ્રમ્પે સંકેત આપ્યો છે કે તેઓ યુદ્ધવિરામ લંબાવવાના પક્ષમાં નથી, પરંતુ વાટાઘાટો દ્વારા સમાધાન ઈચ્છે છે. તેમણે એ પણ સંકેત આપ્યો કે આગામી દિવસોમાં એક મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. નજીકના ભવિષ્યમાં આ વાટાઘાટોનો આગામી રાઉન્ડ ફરી એકવાર ઈસ્લામાબાદમાં યોજાઈ શકે છે, જેમાં સંભવતઃ યુએસ ઉપરાષ્ટ્રપતિ અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ સામેલ થશે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે ગુરુવાર, ૧૬ એપ્રિલના રોજ જણાવ્યું હતું કે અમેરિકા અને ઈરાન ટૂંક સમયમાં વાટાઘાટો ફરી શરૂ કરવા માટે તૈયાર છે. જોકે, હાલમાં વાટાઘાટોના બીજા રાઉન્ડ માટે સ્થળ અથવા તારીખ અંગે કોઈ માહિતી નથી. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર ઈરાન સાથે વાતચીત કરવા માટે તેહરાનમાં છે.


**વેચવાનું છે-ફાર્મ હાઉસ**

લીલુંછમ આંબાવાળું, ફળદ્રુપ જમીન ધરાવતું તૈયાર ફાર્મ હાઉસ જે ચિત્તલ-બાબરા હાઇવે રોડથી ૧ કી.મી. અંદર દરેક વાહન જઇ શકે તેવો રોડ

- ૧૬ વીઘા જમીન ફરતી બીમકોલમ ઉપર બેલાવાળી ૬ ફુટની ઊંચાઇવાળી દિવાલ
- ૮૦ ફુટનો પાણીથી ભરપુર કુવો
- ૨૦x૪૦ ફુટનું પાકું મકાન તેમજ ગોડાઉન તથા રસોડું
- પાણીનો ટાંકો (સ્વીમીંગપુલ) તથા ગૌશાળા
- ૬૫૦ ફુટનો બોર (૨૪ કલાક પાણી)
- ૩૦ ફુટ પતરાનો શેડ
- ૨૫ HPનું લાઇટ કનેકશન તથા સાથે મોટું કુદરતી બારેમાસ પાણીથી ભરેલ તળાવ આ ફાર્મ હાઉસ વ્યાજબી ભાવે વેચવાનું છે.

સંપર્ક
અનિલસિંહ જનવાર
મો. ૯૪૨૬૮ ૩૧૨૪૧





### ગુજરાતના તાપમાનમાં થશે ઘટાડો

# સાત જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદની આગાહી

## ૧૯મી તારીખે સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં તથા અરવલ્લી દાહોદ મહીસાગરમાં વરસાદની આગાહી

અમદાવાદ, તા.૧૬

ગુજરાતમાં એપ્રિલ જેમ જેમ આગળ જતો જાય છે તેમ તેમ ગરમીનો પ્રકોપ પણ વધી રહ્યો છે. ગુજરાતના પણ અનેક વિસ્તારોમાં તાપમાન વધીને ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. બુધવારે ગુજરાતમાં મહત્તમ તાપમાન અમદાવાદ અને રાજકોટમાં ૪૦.૭ ડિગ્રી નોંધાયું હતું. ત્યારે હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા નથી. આ સાથે ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.હવામાન વિભાગના વેધર રિપોર્ટ પ્રમાણે, ૧૯મી તારીખે સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં તથા અરવલ્લી દાહોદ મહીસાગરમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.૨૦મી તારીખે સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગરમાં તથા દક્ષિણ ગુજરાતના તાપી અને ડાંગમાં છૂટાછવાયા સ્થળો પર ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ટ્રફ તરીકેનું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ તથા દક્ષિણપૂર્વ ઉત્તરપૂર્વ મધ્યપ્રદેશ, ઝારખંડ, ગંગા પશ્ચિમ બંગાળ, બાંગ્લાદેશ અને દક્ષિણપૂર્વ આસામથી રાજસ્થાનથી મણિપુર સુધી પૂર્વ પશ્ચિમ ટ્રફ તરીકે સાયક્લોનિક સર્ક્યુલેશન છવાયેલું છે. આ સાથે તેમણે જણાવ્યું છે કે, ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ૧૬થી ૧૮ એપ્રિલ દરમિયાન ગરમ અને ભેજવાળી હવાઓને કારણે ડિસકમ્ફર્ટ કન્ડિશન સર્જાશે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં ત્રણ દિવસ તાપમાન યથાવત રહેશે. તે બાદ બેથી ચાર ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાઈ શકે છે. બુધવારે અમદાવાદ અને રાજકોટમાં સૌથી વધુ ૪૦.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે સુરેન્દ્રનગર, અમરેલી, ગાંધીનગરમાં પણ ૪૦ ડિગ્રીથી વધારે તાપમાન નોંધાયું છે.

### દહેગામમાં ચૂંટણી પ્રચારમાં ભંગાણ

# મધુર સિવાય વાત નહીં ના નારા સાથે બારીયા ગામે ધારાસભ્ય બલરાજસિંહનો કાફલો રોક્યો

## અનેક રજૂઆતો છતાં આ પ્રશ્નનો ઉકેલ ન આવતા પશુપાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે

ગાંધીનગર,તા.૧૬

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે ત્યારે નેતાઓ માટે જનતા વચ્ચે જવું કપરા ચઢાણ સાબિત થઈ રહ્યું છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના બારીયા ગામે ચૂંટણી પ્રચાર કરવા પહોંચેલા ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણને સ્થાનિક પશુપાલકોના ઉગ્ર રોષનો સામનો કરવો પડ્યો હતો. ડેરી વિવાદને લઈને ગ્રામજનોએ ધારાસભ્યના કાફલાને ગામમાં પ્રવેશતા અટકાવી દેતા રાજકીય માહોલ ગરમાયો છે.

દહેગામ તાલુકાના પશુપાલકોનો વર્ષો જૂનો પ્રશ્ન 'દૂધ ઉત્પાદક સંઘ'ની પસંદગીનો છે. હાલમાં દહેગામના પશુપાલકોનું દૂધ અમદાવાદની 'ઉત્તમ ડેરી' માં લેવામાં આવે છે. જોકે, ભૌગોલિક અનુકૂળતા અને અન્ય લાભોને ધ્યાને રાખીને પશુપાલકો લાંબા સમયથી માંગ કરી રહ્યા છે કે તેમનું દૂધ ગાંધીનગર જિલ્લાની પોતાની 'મધુર ડેરી' માં સ્વીકારવામાં આવે. અનેક રજૂઆતો છતાં આ પ્રશ્નનો ઉકેલ ન આવતા પશુપાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

ચૂંટણી પ્રચાર માટે ભાજપના કાફલાને ગામના પાદરે જોતા જ પશુપાલકો એકઠા થઈ ગયા હતા. ગ્રામજનોએ "વાદ નહીં વિવાદ નહીં, મધુર સિવાય વાત નહીં" ના નારા લગાવી આખું ગામ ગજવી મૂક્યું હતું. પશુપાલકોએ આક્રમક વલણ અપનાવી સ્પષ્ટ કર્યું હતું કે જ્યાં સુધી ડેરીનો પ્રશ્ન હલ નહીં થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારનો ચૂંટણી પ્રચાર સ્વીકારવામાં આવશે નહીં.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ટાણે જ ગ્રામજનોએ બતાવેલી આ મક્કમતા સત્તાધારી પક્ષ માટે ચિંતાનો વિષય બની છે. જો સમયસર પશુપાલકોની આ માંગણી પર કોઈ નક્કર નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી મતદાનમાં આ રોષ ભાજપને ભારે પડી શકે તેમ છે. હાલમાં આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે અને દહેગામના રાજકારણમાં ગરમાવો વધી ગયો છે.

24/7 Emergency Services
મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC(ST) માન્ય હોસ્પિટલ આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ
હવે... બદલાશે સારવારની પરીભાષા
કાર્યરત વિભાગો
યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ) | મેડીસીન વિભાગ (ફિઝિશિયન)
બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ) | આંખ વિભાગ | ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા) | જનરલ સર્જરી વિભાગ | ડાયાલિસીસ વિભાગ
લેબોરેટરી વિભાગ | આયુર્વેદ વિભાગ | ફિઝીયોથેરાપી વિભાગ
GUVNL
NABH
PM-JAY
NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust-Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૯૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

## સ્થાનિક ચૂંટણીમાં જિલ્લામાં સૌ પ્રથમ ભાજપ, કોંગ્રેસ અને ''આપ'' વચ્ચે ટક્કર જામશે

# અમરેલી જિલ્લામાં સ્થાનિક ચૂંટણી માટે પ્રચાર કાર્ય શરૂ

**આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ બંને પક્ષો ભાજપને સત્તાથી વિમુખ બનાવવા કમર કસી રહ્યા છે**

**ભાજપનાં તમામ પાંચેય ધારાસભ્યો અને સાંસદ ઉપર પક્ષને ભવ્યતમ સફળતા અપાવવાની જવાબદારી**

**જિલ્લા ભાજપનું સમગ્ર સંગઠન પણ સફળતા મેળવવા માટે ભારે જહેમત ઉઠાવે છે**

**જો કે જિલ્લાનાં મતદારોનું અકળ મૌન તમામ રાજકીય પક્ષોને અકળાવી રહ્યું છે**

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લાની જિલ્લા પંચાયત તેમજ ૧૧ તાલુકા પંચાયતો અને અર્ધો ડઝન પાલિકાની સામાન્ય ચૂંટણીનું સમગ્ર ચિત્ર ગઈકાલે સ્પષ્ટ થયા બાદ ભાજપ, કોંગ્રેસ અને "આપ" ધ્વારા ચૂંટણી પ્રચારની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. એક તરફ સમગ્ર જિલ્લામાં કાળઝાળ ગરમીનો માહોલ છવાયો હોય સવારનાં ૧૧ થી સાંજના ૫ સુધી પ્રચાર કાર્ય થઈ શકે તેમ ન હોવાથી રાજકીય

અનુસંધાન પાના ૬ ઉપર

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catering service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૧૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફુટ ચુરમાનાં લાડુ
શીગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, ફિરદબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
ફેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

આયુર ગ્લો
Herbal Ubtan Powder
કુદરતી સૌંદર્ય મેળવવાનો સાચો રસ્તો
(Chandana, Taruni, Musta, Manjistha, Lodhra, Neema, Multani Mitti, Lakadong Haridra, Aguru Essence)
HERBAL UBTAN POWDER
દુકાન નં. 1-2, ગ્રાઉન્ડ ફ્લોર, હોટેલ અમરેલી ઇન, સ્ટેશન રોડ, માણેકપરા, અમરેલી

સ્વાસ્થ્યની સફરમાં તમારો આજીવન સાથી
૧૨,૦૦૦+ દર્દીઓના જીવનમાં હોમિયોપેથી દ્વારા સકારાત્મક પરિવર્તન
લાંબી અને જટિલ માંદગીમાંથી મુક્તિ માનસિક સ્વાસ્થ્ય, ન્યુરોલોજીકલ અને ચેતાતંત્રના રોગો, ચામડી અને સૌંદર્યલક્ષી રોગો, શ્વસનતંત્રના રોગો, સ્ત્રીરોગ, હોર્મોન્સ અને ડાયાબિટીસની સારવાર કિડની અને મૂત્રમાર્ગના રોગો, પેટ અને પાચનના રોગો, સાંધાના રોગો
SANSKAR HOMEO CARE
ડો. જીતેન્દ્ર પટેલ (BHMS)
સંસ્કાર હોમિયો કેર
લાઈફલાઈન કોર્નર સામે, માણેકપરા અમરેલી
MO.9998362335

હાર્દિક અભિનંદન



શ્રી કૌશિક વેકરિયા
ઉર્જા રાજયમંત્રી
ગુજરાત સરકાર



શ્રી જયદિપભાઈ બસિયા
બિનહરિફ વીજેતા ઉમેદવાર
ધારી ન.પા. વોર્ડ - ૩



શ્રી જે.વી. કાકડીયા
ધારાસભ્ય : ધારી-બગસરા વિસ્તાર

ધારી શહેરમાં નવી બનેલ નગરપાલિકાનાં વોર્ડ નં. ૩માં ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયા, ધારાસભ્ય જે.વી. કાકડીયા, ભાજપા પ્રમુખ અતુલ કાનાણીનાં નેતૃત્વમાં ભાજપના ઉમેદવાર તરીકે બિનહરિફ વિજેતા થયેલ ક્ષત્રિય સમાજનાં યુવા અગ્રણી શ્રી જયદિપભાઈ (જયદેવ) બસિયા ને ખુબ ખુબ અભિનંદન સહ તેઓ ઉત્તરોત્તર રાજકીય ક્ષેત્રે પ્રગતિનાં શિખરો સર કરે અને ધારી શહેરનો સર્વાંગી વિકાસ કરવામાં સફળ રહે તેવી હાર્દિક શુભકામનાઓ.....

:: શુભેચ્છક ::
નટરાજ રોડલાઈન્સ
આશાપુરા ટ્રાન્સપોર્ટ કું.
અમરેલી

હાર્દિક અભિનંદન



શ્રીમતિ મીનાબેન રવિરાજભાઇ શેખવા
બિનહરિફ વિજેતા ઉમેદવાર
વોર્ડ - ૨, નગરપાલિકા
અમરેલી



શ્રી રવિરાજભાઇ શેખવા
યુવા અગ્રણી
અશ્વમેઘ ગ્રૃપ
અમરેલી



શ્રી કૌશિક વેકરિયા
ઉર્જા રાજયમંત્રી
ગુજરાત સરકાર

ગુજરાત સરકારનાં ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાનાં માર્ગદર્શન તળે અમરેલી નગરપાલિકાનાં વોર્ડ નં. ૨માં ભાજપનાં ઉમેદવાર તરીકે બિનહરિફ વિજેતા થયેલ શ્રીમતિ મીનાબેન રવિરાજભાઇ શેખવાને ખુબ ખુબ અભિનંદન સહ હાર્દિક શુભકામનાઓ.....

:: શુભેચ્છક ::
નટરાજ રોડલાઈન્સ
આશાપુરા ટ્રાન્સપોર્ટ કું.
અમરેલી

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)